# વિચાર

વર્ષ ૧૯ અંક ૨, સળંગ અંક ૬૮ મે–ઑગસ્ટ, ૨૦૧૪



## જાહેર સરકારી યોજનાઓનું અમલીકરણ

યૂરોપીય સંઘ દ્વારા
નાણાં સહયોગ

उन्नति

## અનુક્રમ


સંપાદકીય 3

■ **વિકાસલક્ષી મુદ્દાઓ**

જાહેર સેવાઓમાં પહોંચઃ ગુજરાત અને રાજસ્થાનના અનુભવ 4

- વયોવૃદ્ધ, વિધવા અને વિકલાંગ વ્યક્તિઓ માટેનું પેન્શન મેળવવાના અનુભવો 4
- જાહેર સેવાઓ સુધી ગરીબોની પહોંચ અંગેના અનુભવો 9
- જનની સુરક્ષા યોજના અંગેના અનુભવો 10
- વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર મેળવવું 12

■ **આપના માટે**

દક્ષિણ એશિયામાં ભ્રષ્ટાચાર સામે લડતઃ ઉત્તરદાયિત્વ ઊભું કરવું 15

■ **આપણી વાત**

રાઇટ ટુ ઍજ્યુકેશન ઍક્ટ (શિક્ષણના અધિકારનો અધિનિયમ), ૨૦૦૯ના અમલીકરણની સ્થિતિઃ સંક્ષિપ્ત અહેવાલ 17

■ **સંદર્ભ સાહિત્ય** 23

# ભારતમાં સામાજિક અલગાવ અને ગરીબી

૧૯૯૩-૯૪માં ભારતમાં કુલ ગરીબીનો વ્યાપ ૩૭.૩ ટકા હતો તે ૨૦૦૪-૦૫માં ઘટીને ૨૮.૩ ટકા થયો અને ૨૦૦૯-૧૦માં ૨૩.૭ ટકા સુધી પહોંચી ગયો. આમ, છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતમાં ગરીબી ઓછી થઈ રહી છે, પરંતુ આ પ્રક્રિયા દરેક માટે એકરૂપ નથી. ગરીબી અમુક સામાજિક-સમૂહ (દલિત, આદિવાસી, મુસ્લિમ, જમીનવિહોણા મજૂર, મહિલા વગેરે) અને ભૌગોલિક ક્ષેત્ર (ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર અને ઓરિસ્સા)માં વધારે કેન્દ્રિત થઈ રહી છે. એ પણ જણાઈ રહ્યું છે કે અલગ-અલગ સામાજિક- સમૂહ વચ્ચે, ગ્રામીણ-શહેરી ક્ષેત્ર વચ્ચે અને રાજ્યો વચ્ચેની માથાદીઠ વપરાશ તથા માનવ વિકાસ સૂચકાંકોનો તફાવત વધતો જ જાય છે. સામાજિક અલગાવના આ વલણને સમજવાની અને તેના પર કામ કરવાની જરૂર છે.

મૂળભૂત સામાન્ય સેવાઓ (શિક્ષણ, આરોગ્ય, આવાસ, સન્માનજનક રોજગાર, કાનૂની ન્યાય વગેરે)થી સામાજિક અલગાવ, વ્યક્તિ અને સમુદાય પર નકારાત્મક અસર કરે છે. આ વંચિત સમુદાયો આ સામાન્ય સેવાઓથી બિલકુલ દૂર હોય છે અથવા તો સમાજના બીજા વર્ગોની સરખામણીમાં અસમાન અને ભેદભાવયુક્ત સેવાઓ પ્રાપ્ત કરે છે. જ્યારે એક જ સમૂહ પર આ વંચિતતા બેવડાય છે (ઉદાહરણ તરીકે, જો મહિલા વિકલાંગતા ધરાવતી હોય અથવા દલિત જમીન વિહોણો હોય) ત્યારે આ સામાજિક અલગાવની માત્રા પણ બેવડાય છે. એ પણ જણાય છે કે સામાજિક અલગાવની પ્રક્રિયાનાં કારણો પણ લગભગ એકસમાન છે. આમાં ઘણી વાર અયોગ્ય અથવા અપૂરતા કાનૂન અને નીતિ અથવા તેનું માળખું, સામાજિક અલગાવનું કારણ બને છે. જેમ કે, આવાસના અધિકારને મૂળભૂત અધિકારોમાં સ્થાન મળેલું નથી. જોકે, ઘણી વાર તેને જીવનના અધિકારમાં આવરી લેવામાં આવે છે. છતાં આવાસના અધિકાર બાબતે સ્પષ્ટ જોગવાઈની જરૂર છે. આ ઉપરાંત, વર્તમાન કાનૂન અને નીતિના અમલમાં નિષ્ફળતા તેમ જ સંસ્થાગત પૂર્વગ્રહ, સામાજિક અલગાવ માટે જવાબદાર હોય છે. જેમ કે, શિક્ષણના અધિકારમાં દર્શાવેલી આવશ્યક ૯ સુવિધાઓ માર્ચ ૨૦૧૩ સુધીમાં માત્ર ૧૦ ટકા સ્કૂલોમાં હતી. અમલીકરણની નિષ્ફળતા, મહત્ત્વાકાંક્ષી અને જરૂરી નીતિ તથા કાનૂનને વ્યર્થ બનાવે છે. આ ઉપરાંત, હિંસા અને ભેદભાવ બધા જ સમૂહોને આ સેવાઓના લાભથી વંચિત રાખે છે. જેમ કે, હાલમાં એસ.ઈ.ઝેડ. (સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન) રચવામાં આવી રહ્યા છે, જેમાં મજૂર અંગેના કાયદાઓ માલિક તરફી હોય છે. એ જ રીતે ઘણી વાર શાળાઓમાં શિક્ષકો દ્વારા અમુક સમૂહોનાં બાળકો સાથે ભેદભાવ કરવાથી તેઓ શિક્ષણથી દૂર થવા લાગે છે. એ પણ જોવામાં આવે છે કે, આ કાયદાઓના અમલ માટે પૂરતાં નાણાંની જોગવાઈ કરવામાં આવતી નથી. જેમ કે, ૨૦૧૨-૧૩માં શિક્ષણ માટે, કુલ ઘરેલું ઉત્પાદનના માત્ર ૨.૭૫ ટકાની જોગવાઈ કરવામાં આવી હતી, જે વાસ્તવિક જરૂરિયાત કરતાં ઘણી ઓછી ગણાય.

ઉપર દર્શાવેલી સામાજિક અલગાવની પ્રક્રિયાને રોકવા માટે સરકાર, સમુદાય, કાનૂની વ્યવસ્થા, નાગરિક સંગઠનો તથા સમાજનાં બધાં જ અંગોએ સાથે કાર્ય કરવાની જરૂર છે. વળી, એ પણ મહત્ત્વનું છે કે, આ સામાજિક અલગાવ અંગેના આંકડાઓનું સુવ્યવસ્થિત એકત્રીકરણ કરવામાં આવે અને બહોળા સ્તરે તેનું વિશ્લેષણ કરવામાં આવે. સરકાર, બજાર તથા સામાજિક કર્મીઓ વચ્ચે થતી પ્રક્રિયા દ્વારા સામાજિક અલગાવ ઉદ્દભવે છે. છતાં, આમાં સરકારની સૌથી મહત્ત્વની તથા વિશેષ જવાબદારી છે, કારણ કે સરકારની એ ફરજ છે કે તે, સમાજ અને બજારનું નિયંત્રણ કરે, સરકાર લોકોને ઉત્તરદાયી છે અને લોકોના કલ્યાણની તેની નૈતિક જવાબદારી છે. તેથી સરકારની એ ફરજ છે કે પાયાની મૂળભૂત સેવાઓ લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરે - સીધી જોગવાઈ કરીને અથવા લોકોને ન્યાયિક, સમતા-આધારિત અને નિરંતર પહોંચની ખાતરી કરીને. કલ્યાણકારી અર્થવ્યવસ્થામાં પાયાની મૂળભૂત સેવાઓમાંથી કોઈ પણ નાગરિક અથવા સમૂહને વંચિત રાખી ન શકાય અને આ સેવાઓ માટે, વ્યક્તિ અથવા સમૂહો વચ્ચે કોઈ સ્પર્ધા ન હોઈ શકે.

સ્રોત: (૧) રાજીવ મલ્હોત્રા, ૨૦૧૪ ઇન્ડિયા પબ્લિક પૉલિસી રિપોર્ટ, ૨૦૧૪, નવી દિલ્લી, ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ.
(૨) ઇન્ડિયા એક્સક્લુઝન રિપોર્ટ - ૨૦૧૩-૧૪, બુક્સ ફૉર ચેન્જ.

# જાહેર સેવાઓમાં પહોંચ: ગુજરાત અને રાજસ્થાનના અનુભવ

'યુરોપિયન યુનિયન'ની સહાયથી 'ઉન્નતિ' દ્વારા પશ્ચિમી રાજસ્થાનના બાડમેર જિલ્લાના બાલોતરા અને સિંધરી તાલુકામાં અને ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા/પોશિના અને વિજયનગર તાલુકામાં 'જાહેર યોજનાઓ અને કાર્યક્રમો અંગેની જાણકારી સુધીની પહોંચ' નામનો કાર્યક્રમ ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમ સાથે જોડાયેલા 'ઉન્નતિ'ના કાર્યકર્તાઓએ ગુજરાત અને રાજસ્થાનમાં જાહેર સેવાઓ સુધીની પહોંચના સંદર્ભમાં પોતાના અનુભવોને અહીં દર્શાવ્યા છે.

## વયોવૃદ્ધ, વિધવા અને વિકલાંગ વ્યક્તિઓ માટેનું પેન્શન મેળવવાના અનુભવો

'ઉન્નતિ'ના **શ્રી દિલીપ બિદાવતે** એપ્રિલથી ઑગસ્ટ, ૨૦૧૪ દરમિયાન પશ્ચિમ રાજસ્થાનના બાડમેર જિલ્લાનાં નવ ગામોના પેન્શન માટેના હકદાર લોકો અને પેન્શન-ધારકો સાથેની મુલાકાતના આધારે આ લેખ તૈયાર કર્યો છે. લેખમાં પેન્શન મેળવવામાં વિવિધ તબક્કે લોકોને સહન કરવી પડતી સમસ્યાઓ અને તે સમસ્યાઓનું નિરાકરણ લાવવાના ઉપાયો વિશે ચર્ચા કરવામાં આવી છે.

રાજસ્થાનના બાડમેર જિલ્લાના માંડલી ગામના વડીલ શંકરલાલ ભીલ કહે છે કે, પોતાના ખિસ્સામાં થોડા પૈસા પડ્યા છે તે લાગણી ઘણી જ સુખદ છે. શંકરલાલનાં બાળકો તેમની જરૂરિયાતોનું ધ્યાન રાખે છે, છતાં શંકરલાલને જરૂર પડ્યે કોઈની સામે હાથ લાંબો નથી કરવો પડતો, તે બાબત આશ્વાસનરૂપ છે. શંકરલાલ કેટલીક વખત તેમનાં પૌત્ર-પૌત્રીઓ માટે મીઠાઈ ખરીદે છે, તેથી બાળકો હંમેશાં શંકરલાલની આસપાસ જ રહે છે અને તેથી, શંકરલાલને કદી એકલતા નથી સાલતી. તાજેતરમાં જ ગામમાં રેશનની દુકાનમાં રેશન વેચાતું હતું, પરંતુ શંકરલાલના પુત્ર પાસે રેશન ખરીદવાના પૈસા નહોતા, ત્યારે તેણે પિતાની મદદ માંગી. પુત્રને ખરીદી કરવા માટે પૈસા આપીને શંકરલાલને ઘણો આનંદ થયો, અને તેમનું માનવું છે કે તેમના પુત્રને પણ પિતાએ કરેલી મદદ બદલ ચોક્કસ આનંદ થયો હશે.

ચિડિયાડા ગામના વયોવૃદ્ધ દુદારામ એકાકી જીવન વીતાવે છે. તેઓ ગામના મંદિરના પૂજારી છે અને આ કામમાંથી તેમની જરૂરિયાતો સંતોષાઈ રહે છે. પેન્શનની રકમમાંથી તેઓ કપડાં ખરીદે છે, બીમાર હોય ત્યારે દવાઓ ખરીદે છે અને ઘણી વખત જાત્રા કરે છે અથવા તો સંબંધીઓને મળવા જાય છે. પેન્શનની આવકને કારણે તેઓ જરૂર પડ્યે પારિવારિક પ્રસંગોમાં ખર્ચ કરી શકે છે. આ રીતે પેન્શન તેમને સલામતી પૂરી પાડે છે.

મોટા સંયુક્ત પરિવારમાં રહેતી મહિલાએ જણાવ્યું હતું કે, તેના તમામ પુત્રો કમાય છે અને તેની જરૂરિયાતોનું ધ્યાન રાખે છે. પેન્શન દ્વારા મળેલી રકમ અંગે તે મહિલા જણાવે છે કે, જો કોઈ ખર્ચ કરવો હોય, તો તેણે તેના પુત્રો અને પુત્રવધૂઓની પરવાનગી લેવી પડે, પણ પેન્શનની રકમ ખર્ચવાનો નિર્ણય તેનો પોતાનો હોય છે. દીકરી-જમાઈઓ વર્ષે એકાદ-બે વાર આવે, ત્યારે સામાજિક પ્રથા અનુસાર તેમના માટે તે ભેટ-સોગાદની ખરીદી કરી શકે છે. દયાવંતી લોકોમોટર વિકલાંગતા ધરાવે છે. તેમના બન્ને પગ કામ કરતા નથી. દયાવંતી વિધવા છે. તેમને ટ્રાઇ-સિકલ આપવામાં આવી છે. તેઓ છોકરાઓની ખાનગી હૉસ્ટેલમાં રસોઈ બનાવવાનું અને પાપડ વેચવાનું કામ કરે છે. તેમને મળતા પેન્શનમાંથી તેઓ પોતાની પુત્રીના શિક્ષણનો અને પરિવારમાં કોઈ માંદું હોય તો તેનો ખર્ચ કાઢી શકે છે. તેઓ કહે છે કે પેન્શન સમયસર ન મળતું હોવા છતાં તેમની પાસે પેન્શનરૂપી આવકનો સ્રોત હોવાના કારણે લોકો તેમને નાણાં આપે છે અને વેપારીઓ ઉધાર પર સામાન આપે છે.

જોકે, આ મહત્ત્વની સામાજિક-સલામતી જોગવાઈ મેળવવામાં લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ પ્રશ્નો મુખ્યત્વે જે પરિબળો સાથે સંબંધિત હોય છે, તે આ પ્રમાણે છે: (૧) જોગવાઈઓની પૂર્તિ, (૨) સરકારી સેવા પૂરી પાડનારાઓ દ્વારા માહિતી પૂરી પાડવામાં ઉદાસીનતા, (૩)ગ્રામ પંચાયત તથા તાલુકા સ્તરના અધિકારીઓની લાભાર્થીઓ પ્રત્યેની જવાબદારીનો અભાવ.

વર્ષ ૨૦૧૩માં પેન્શન મહા અભિયાન (પેન્શનની અરજીઓ પૂરી

પાડવા માટે સરકાર દ્વારા પંચાયત કક્ષાની શિબિરોની ઊભી કરવામાં આવેલી રાજ્યવાર વ્યવસ્થા) દરમિયાન પેન્શન માટે અરજી કરનારા ઘણાં લોકોને હજી સુધી એ જાણવા નથી મળ્યું કે તેમની અરજીઓ રદ કરવામાં આવી હતી કે કેમ, અને જો રદ કરવામાં આવી હતી, તો તે પાછળ કયાં કારણો જવાબદાર હતાં. જૂન ૨૦૧૪માં, રાજસ્થાનના બાડમેર જિલ્લાની સજિયાલી ગ્રામ પંચાયતના સોખરોંકી બેરી ગામમાં આ પ્રકારના અરજદારોએ ગ્રામ સેવક (ગ્રામ પંચાયત સેક્રેટરી)નો સંપર્ક સાધતાં ગ્રામ સેવકે જવાબ આપ્યો કે તેમની પાસે આ અંગે કોઈ માહિતી નથી. અરજદારોએ પંચાયત સમિતિ (તાલુકા પંચાયત)નો સંપર્ક સાધતાં તેમને જણાવવામાં આવ્યું કે અરજીઓ રદ થઈ હતી અને આ અંગેની વિગતો ગ્રામ પંચાયતને મોકલી દેવાઈ છે. અરજીઓ રદ થવા પાછળનું કારણ જણાવવામાં આવ્યું નહીં. આ અરજીઓ પેન્શન માટેની યોગ્યતા ધરાવતી હોવાથી અરજીકર્તાઓએ ફરીથી અરજી કરી અને દસ્તાવેજીકરણની ઔપચારિકતાઓ જુલાઈ-ઑગસ્ટ ૨૦૧૪ દરમિયાન પૂરી થઈ. હજી પણ તલાટી (મહેસૂલ કર્મચારી) દ્વારા તેમની જમીન અને આવકની ખરાઈ થઈ નથી. તલાટી કહે છે કે તેના પર છ ગ્રામ પંચાયતોની જવાબદારી હોવાથી તેની પાસે કામનો ભરાવો થઈ ગયો છે. ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ કહે છે કે તલાટી ગ્રામ પંચાયતની ઑફિસ પર ક્યારે મળે તેનો નિયત સમય નથી. ત્યારપછી આ તલાટીની બદલી થઈ ગઈ અને નવો તલાટી હજી સુધી ગ્રામ પંચાયત ઑફિસે આવ્યો નથી.

આ જ સોખરોંકી બેરી ગામના અન્ય ૧૦ લોકોએ જણાવ્યું હતું કે, છેલ્લાં દસ વર્ષથી તેમને પેન્શન નથી મળ્યું. ૨૦૧૩માં તેમણે પેન્શન મહા અભિયાનમાં પુનઃઅરજી કરી, પરંતુ તેનો કોઈ જવાબ ન મળ્યો. પાંચપાદરા (તાલુકા મથક)ની નાણાં કચેરી (પેન્શનની ચૂકવણી આપવા માટે જવાબદાર)નો સંપર્ક સાધતાં તેમને તેમના જૂના પેન્શન પેમેન્ટ ઑર્ડર (પીપીઓ), રેશન કાર્ડની નકલ અને લિવિંગ સર્ટિફિકેટ ગ્રામ પંચાયતથી મેળવીને સુપરત કરવા જણાવાયું અને ત્યાર બાદ તેમનું જૂનું પેન્શન ફરીથી શરૂ થશે તેમ જણાવ્યું. આ પ્રક્રિયા હાથ ધર્યા બાદ પેન્શન-ધારકોને છેલ્લા પાંચ મહિનાનું પેન્શન એકસામટું મળી ગયું. એક કરતાં વધુ વિકલાંગતા ધરાવનારા ભટ્ટારામ મેઘવાલા અને દ્રષ્ટિની ખામી ધરાવતા તેમના માતાનાં પેન્શન જાન્યુઆરી ૨૦૧૩થી બંધ થઈ ગયાં છે અને પેન્શન મળતું શા માટે બંધ થઈ ગયું તેનું કારણ કોઈ જાણતું નથી. નાણાં કચેરીનો સંપર્ક સાધતાં અમને જાણવા મળ્યું કે વાર્ષિક, લાભાર્થી ખરાઈ ન થઈ હોવાથી પેન્શન બંધ કરી દેવાયું હતું. બાડમેર જિલ્લાના ખારડી ગામનાં ચિરકી દેવીને ઑગસ્ટ ૨૦૧૨થી વિધવા પેન્શન મળવાનું શરૂ થયું હતું અને કોઈ પણ જાતની સૂચના કે જાણકારી વિના ડિસેમ્બર ૨૦૧૨માં પેન્શન બંધ કરી દેવાયું હતું. ચિરકી દેવીનાં બાળકો હજી નાનાં છે અને ચિરકી દેવી બિનકૌશલ્યયુક્ત મજૂરી કરે છે, તેથી પેન્શનની રકમ એ તેમની આવકનું એક માત્ર સાધન છે. જુદી-જુદી ઑફિસોમાં જઈને આ અંગે તપાસ કરવાનો તથા માહિતી મેળવવાનો ચિરકી દેવી પાસે સમય પણ નથી, કે આવું કરવાની તેમને ઈચ્છા પણ નથી. આ ઉપરાંત, આવું સાહસ ખેડતાં પણ તેઓ ખચકાટ અનુભવે છે. ૨૭ જૂન, ૨૦૧૪ના રોજ, અમે પાંચપાદરા તાલુકા મથકની નાણાં કચેરી ખાતે ચિરકી દેવીના પેન્શનની સ્થિતિ અંગે પૂછપરછ કરી, તો જાણવા મળ્યું કે પડતર પેન્શનના રૂ. ૩,૦૦૦ અને ચાલુ મહિનાના પેન્શનના રૂ.૫૦૦ મોકલી દેવાયા છે. પરંતુ, ટપાલીએ જણાવ્યું કે તેને ફક્ત રૂ.૫૦૦નો જ મનીઑર્ડર મળ્યો છે. આ લખાય છે ત્યાં સુધી (સપ્ટેમ્બર ૨૦૧૪) ચિરકી દેવીને હજી સુધી રૂ. ૩,૦૦૦ મળ્યા નથી અને આ વિશે કોઈ સ્પષ્ટ જાણકારી પણ નથી.

ખારડી ગામનાં ગોમતી દેવીએ છેલ્લાં આઠ વર્ષમાં ઓછામાં ઓછા નવ વખત વિધવા પેન્શન માટે અરજી કરી છે, પરંતુ આજદિન સુધી તેમને કોઈ પ્રતિભાવ મળ્યો નથી. અરજીઓ સાથે પાસપોર્ટ સાઇઝના ૪૫ ફોટા અને વિવિધ સહાયક દસ્તાવેજોની ૮૦ નકલો બીડી હોવાની હકીકત જણાવતાં તેમની આંખો ભીની થઈ ગઈ હતી. તેઓ અનેક વખત પંચાયત અને તલાટીની મુલાકાત પણ લઈ ચૂક્યાં છે અને તેમના અંદાજ અનુસાર અરજીની પ્રક્રિયા માટે અત્યાર સુધીમાં તેમણે આશરે રૂ. ૫૦૦૦ ખર્ચી નાંખ્યા છે. 'પ્રશાસક ગાંવ કે સંગ' અભિયાન (વહીવટી પ્રક્રિયાને ગ્રામ પંચાયત કક્ષાના કૅમ્પ થકી લોકોના ઘર આંગણે લઈ આવવાનું રાજ્યવ્યાપી અભિયાન) અને પેન્શન મહા અભિયાનમાં પણ તેમણે અરજી કરી હતી. પોતાનો કેસ તેમણે જુલાઈ ૨૦૧૪માં તેમના ગામની પંચાયત ખાતે યોજાયેલી રાત્રિ-ચોપાલ (ફરિયાદ નોંધણી અને નિવારણ માટે ગ્રામ પંચાયત કક્ષાએ સાંજના સમયે યોજાતી મિટિંગ)માં તહેસિલદાર સમક્ષ પણ રજૂ કર્યો હતો. તહેસિલદારે આ અંગે ગ્રામ સેવક (ગ્રામ પંચાયત સચિવ) પાસે જવાબ માંગ્યો હતો. ગ્રામ સેવકે જણાવ્યું હતું કે ચાર મહિના પહેલાં જ તેની આ ગ્રામ પંચાયતમાં બદલી થઈ હતી અને તેથી આ વિશે તેને કોઈ જાણકારી નહોતી. તહેસિલદારે ગ્રામ સેવકને તાત્કાલિક ધોરણે ઔપચારિકતાઓ પૂરી કરીને શક્ય તેટલી ઝડપે અરજી સુપરત કરવાનો આદેશ આપ્યો. આ પ્રસંગને બે મહિના વીતી ગયા હોવા છતાં અરજી હજી પણ ગ્રામ પંચાયત ઑફિસે પડી છે. આ કામગીરી સાથે સંકળાયેલો કોઈ પણ કર્મચારી જવાબદારી લેવા તૈયાર નથી. આવા અરજદારો અને પેન્શન-ધારકો અનિશ્ચિતતાની સ્થિતિમાં ગૂંચવાતાં રહે છે અને

થોડા સમયમાં પેન્શન આવી જશે તે વિચારે તેઓ નક્કર પગલાં લઈ શકતાં નથી.

### પેન્શન મંજૂર કરવા સંબંધિત અવરોધો

પેન્શન મંજૂર કરવા અને તેના અમલીકરણ સાથે સંબંધિત મુખ્ય અવરોધો આ પ્રમાણે છે -

(૧) અરજદારોને તેમની અરજી રદ થઈ હોવાની અને રદ થવા પાછળનાં કારણો વિશે જાણ કરવામાં આવતી નથી,

(૨) પેન્શન-ધારકોનું પેન્શન બંધ થઈ જાય, તે પહેલાં તેમને આ અંગેની જાણ કરવામાં આવતી નથી,

(૩) વાર્ષિક લાભાર્થી ખરાઈ ન થઈ હોય એ પેન્શન અટકાવી દેવા પાછળનું મુખ્ય કારણ હોય છે,

(૪) તલાટી કયા સમયે અને કઈ તારીખે ગ્રામ પંચાયતની મુલાકાત લેશે તે નક્કી નથી હોતું તથા લોકોને આ અંગે કોઈ જાણકારી નથી હોતી,

(૫) પેન્શન અરજીકર્તાઓને તારીખ સાથેની રસીદ આપવામાં આવતી નથી, અને

(૬) સરકાર દ્વારા યોજાતા ફરિયાદ નોંધણી અને નિરાકરણ કૅમ્પમાં મૌખિક આદેશ જારી કરવામાં આવે છે, પરંતુ પછીથી તે આદેશનું પાલન નથી થતું.

જો સરકારી વ્યવસ્થા આ સમસ્યાઓ પર થોડું ધ્યાન આપે, તો સરળતાથી તેનું નિરાકરણ લાવી શકાય છે. ઑફિસ વ્યવસ્થાપનની સામાન્ય કામગીરી અનુસાર, ગ્રામ પંચાયતમાં દરેક અરજી આવે તેની નોંધણી થવી જોઈએ અને તે અરજી સંમતિ આપનાર સત્તા-તંત્રને પહોંચાડવામાં આવે, ત્યારે તેના ડિસ્પેચ નંબર સાથે ઇન અને આઉટ રજિસ્ટરમાં તેની નોંધણી કરવી જોઈએ. અરજી ફૉર્મ સાથે જ નાનાં-નાનાં કાણાં સાથેની રસીદ હોવી જોઈએ, જે અરજી સ્વીકાર્યા બાદ અરજકર્તાને આપી દેવાની રહે છે. રાજસ્થાન પેન્શન રૂલ્સ ૨૦૧૧ મુજબ, અરજી સુપરત થયે અરજીકર્તાને તારીખ સાથેની રસીદ આપવાની રહે છે. પેન્શન રૂલ્સ ૨૦૧૧ (F૦૯/૦૫/૧૨/૦૧ જનરલ/૨૦૧૪-૧૪/ ૯૫૭૮, ખંડ ૪, નિયમ ૫, પેટા-નિયમ ૭)માં કરવામાં આવેલા સુધારા પ્રમાણે રદ કરવામાં આવેલી તમામ રસીદો રદ થવા પાછળના કારણ સાથે બીડીઓની ઑફિસમાં દર્શાવવી જોઈએ. તમામ અરજીકર્તાઓને તેમની અરજી રદ થવા પાછળના કારણની લેખિતમાં જાણ કરવાની રહેશે. રદ થયેલી અરજીઓની યાદી ગ્રામ પંચાયત ખાતે પણ ઉપલબ્ધ નથી હોતી. જો અરજીકર્તાને અરજી સુપરત કર્યાના બે મહિના બાદ પેન્શનની સ્થિતિ વિશે કે અરજી રદ થવા પાછળના કારણ વિશે માહિતી ન આપવામાં આવે, તો તે જિલ્લા કલેક્ટરનો સંપર્ક સાધી શકે છે. ગેરન્ટી ટુ પબ્લિક સર્વિસિઝ ઍક્ટ ૨૦૧૨ માં આ સમય મર્યાદા ૯૦ દિવસની રાખવામાં આવી છે. રાજસ્થાનમાં 'રાઇટ ટુ હિયરિંગ ઍક્ટ ૨૦૧૨'માં આ જોગવાઈનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. વ્યક્તિ આવકનો નિયમિત સ્રોત ન ધરાવતી હોય ત્યારે તે જીવે ત્યાં સુધી પેન્શન મેળવવા હકદાર છે. આમ, પેન્શન મેળવનાર હયાત હોય તેની, તથા તેના સરનામાની દર વર્ષે ખરાઈ કરવી જરૂરી છે. સોશ્યલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ (એસજેઇ) વિભાગ આ માટેના આદેશ જારી કરે છે. જિલ્લા નાણાં કચેરી દ્વારા દર વર્ષે ફેબ્રુઆરી કે માર્ચ મહિનામાં પેન્શન-ધારકોની ગ્રામ પંચાયત પ્રમાણેની યાદી તૈયાર કરવામાં આવે છે અને આ યાદીને સંબંધિત ગ્રામ પંચાયતોને મોકલવા માટે તેને જિલ્લા પંચાયત પહોંચાડવામાં આવે છે. ગ્રામ સચિવાલય દરમિયાન ખરાઈની જવાબદારી ગ્રામ સેવક અને સરપંચની હોય છે. ખરાઈ થઈ ગયા બાદ આ યાદી જિલ્લા પંચાયત દ્વારા નાણાં કચેરીને પરત કરવામાં આવે છે. નાણાં કચેરી ખરાઈ થયેલી યાદી સમયસર ન મેળવે, તો તે પેન્શન અટકાવી દે છે.

અરજીનું ફૉર્મ, જે ગ્રામ પંચાયત ખાતે વિના મૂલ્યે મળવું જોઈએ, તે રૂ.૩૫થી રૂ.૫૦ની કિંમતે મળે છે, ફોટોકોપી કરી આપતી દુકાનો, નોટરી દ્વારા પ્રમાણિત થયેલાં ફૉર્મ વેચવાનો ધીકતો ધંધો ચલાવે છે. અરજીના ફૉર્મ સાથે પાસપોર્ટ સાઇઝના પાંચ ફોટોગ્રાફ્સ જોડવામાં આવે છે. અન્ય સહાયક દસ્તાવેજોમાં વય, ઓળખ અને સરનામાના પુરાવાનો સમાવેશ થાય છે, જે માટે મતદાર ઓળખ કાર્ડ (વોટર આઇડી કાર્ડ) અને રેશન કાર્ડ મહત્ત્વનાં બની રહે છે. વિધવાઓ, છૂટાછેડા લેનાર અને એકાકી મહિલાઓ માટે સંબંધિત દસ્તાવેજ જરૂરી બની રહે છે, જેમ કે પતિના મૃત્યુનું પ્રમાણપત્ર, કૉર્ટનો આદેશ અથવા તો પડતર કૉર્ટ કેસ વગેરે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ પાસે ૪૦ ટકા કરતાં વધુ વિકલાંગતા ધરાવતા હોવા અંગેનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. ભરવામાં આવેલા અરજી-ફૉર્મની સરપંચ અને ગ્રામ સેવક દ્વારા ખરાઈ કરવામાં આવે છે. જમીન અને આવકની ખરાઈ તલાટી દ્વારા કરવામાં આવે છે. લોકોના જણાવ્યા પ્રમાણે આ કામગીરીમાં ઘણો સમય અને શક્તિ વપરાય છે, કારણ કે જ્યારે અરજી હેડક્વાર્ટર પર મોકલવામાં આવે, ત્યારે તલાટી ઉપલબ્ધ ન હોય તેવું બની શકે છે, અથવા તો તે ઇચ્છિત માહિતીની ખરાઈ કરવાનું પસંદ ન કરે તેવું બની શકે છે. ખરાઈના ત્યારપછીના તબક્કામાં રેવન્યૂ ઇન્સ્પેક્ટર સામેલ થાય છે, જેમાં પણ ઘણો સમય લાગી જાય છે. આ તબક્કા સુધી પહોંચવામાં અરજીકર્તાના આશરે ૫૦૦ રૂપિયા ખર્ચાઈ જતા

હોય છે. અરજીકર્તા સામાન્યપણે તેની અરજી ગ્રામ પંચાયતની ઑફિસમાં સુપરત કરે છે, ત્યાંથી તે અરજી આગળની કાર્યવાહી માટે બીડીઓ ઑફિસ મોકલવામાં આવે છે. અરજી સીધી બ્લૉક ડેવલપમેન્ટ ઑફિસર (બીડીઓ તાલુકા વિકાસ અધિકારી)ને પણ સુપરત કરી શકાય છે. રાજસ્થાનમાં વિકલાંગતા ધરાવનારાં બાળકો (સીડબલ્યુડી) માટેના પેન્શનની જોગવાઈ અંગે લોકોને જાણકારી નહોતી. તાજેતરના મહિનાઓ દરમિયાન, પાંચ ગ્રામ પંચાયતોનાં નવ ગામોમાંથી વિકલાંગતા ધરાવતા ૪૭ પુખ્ત વયના વ્યક્તિઓ શોધવામાં આવ્યા હતા. તે પૈકીની ૩૧ વ્યક્તિઓ પાસે વિકલાંગતાનું પ્રમાણપત્ર નહોતું. (જૂઓ કોઠા નં-૧) આ ગામડાંઓમાં ૬થી ૧૪ વર્ષની વયજૂથનાં ૩૭ બાળકો વિકલાંગતા ધરાવતાં હતાં. તેમાંથી ૩૦ બાળકો પાસે વિકલાંગતાનું પ્રમાણપત્ર નહોતું. સર્વ શિક્ષા અભિયાન (એસએસએ) હેઠળ બાલોતરા ખાતે ઑગસ્ટ ૨૦૧૪ દરમિયાન મેડિકલ કમ એસેસમેન્ટ કૅમ્પ (ચિકિત્સા કમ આકારણી શિબિર)નું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ બોલવા-સાંભળવાની ખામી ધરાવતાં બાળકો અને માનસિક વિકલાંગતા ધરાવતાં બાળકો માટેના સ્પેશ્યાલિસ્ટ કૅમ્પમાં આવ્યા ન હોવાથી તે બાળકો પ્રમાણનથી વંચિત રહ્યાં હતાં.

પર્સન્સ વિથ ડિસેબિલિટી (સમાન તક, હક્કોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) નિયમોમાં ૨૦૦૯માં કરવામાં આવેલા સુધારાને કારણે પીએચસી અને સીએચસી કક્ષાએ મેડિકલ અધિકારીઓ માટે સ્પષ્ટ દેખાતી વિકલાંગતાઓ માટેનું પ્રમાણપત્ર જારી કરવું શક્ય બન્યું છે તથા નજરે ન ચઢતી વિકલાંગતાઓનું પ્રમાણન કરવાની સત્તા એક સ્પેશ્યાલિસ્ટ પાસે છે. એક કરતાં વધુ વિકલાંગતાઓ હોય, ફક્ત તેવા કિસ્સામાં જ મલ્ટી-મેમ્બર બૉર્ડનું પ્રમાણપત્ર મેળવવું જરૂરી બને છે. જોકે, બાડમેરના સોશ્યલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ ડિપાર્ટમેન્ટ (સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગ)ના ડેપ્યુટી ડિરેક્ટરે જણાવ્યા પ્રમાણે, એક જ સ્પેશ્યાલિસ્ટ દ્વારા જારી કરવામાં આવેલું પ્રમાણપત્ર અથવા તો 'પ્રશાસન ગાંવ કે સંગ' અભિયાનમાં બનાવવામાં આવેલું પ્રમાણપત્ર માન્ય ગણાતું નથી. બાડમેરના સામૂહિક આરોગ્ય કેન્દ્રના ચીફ મેડિકલ ઑફિસરે જણાવ્યું હતું કે, તેઓ અરજીકર્તાઓને જોધપુર મોકલે છે.

## માહિતી સુધીની પહોંચ

ગ્રામ પંચાયત ખાતેની દીવાલો પરનાં લખાણ અને જાગૃતિ માટેની સામગ્રીમાં એ ઉલ્લેખ હોવો જોઈએ કે અરજીના ફૉર્મ ગ્રામ પંચાયત ઑફિસ ખાતે વિના મૂલ્યે ઉપલબ્ધ છે. આ ઉપરાંત, ફૉર્મની સાથે કયા સહાયક દસ્તાવેજો બીડવા તેની તથા દસ્તાવેજની ખરાઈ અંગેની વિગતો વિશે પણ તેમાં સ્પષ્ટતા કરેલી હોવી જોઈએ. ઇન્ફર્મેશન, ઍજ્યુકેશન, કમ્યુનિકેશન (આઇઇસી - માહિતી, શિક્ષણ, પ્રત્યાયન)ની સામગ્રીમાં અરજી સુપરત કર્યે તારીખ સાથેની રસીદ માંગવાની જરૂરિયાતનો ઉલ્લેખ થયો હોવો જોઈએ. જે રીતે રાજસ્થાનમાં ગ્રામ સચિવાલયની તારીખ નિશ્ચિત હોય છે, તે રીતે જો અરજીના ફૉર્મ અને સરપંચ, ગ્રામ સેવક, પટવારી અને રેવન્યૂ ઇન્સ્પેક્ટર જેવા ખરાઈ કરનારા અધિકારીઓ નિયત તારીખોએ ગ્રામ પંચાયત ઑફિસે ઉપલબ્ધ હોય, તો અરજી તૈયાર કરવામાં તથા સુપરત કરવામાં ઓછો સમય લાગશે તથા અરજીકર્તાએ કરવા પડતા ખર્ચમાં પણ ઘટાડો થશે. ગ્રામ સેવક તથા પટવારી ઉપલબ્ધ હોય તે તારીખ અને સમય તેમના ફોન નંબર સાથે ગ્રામ પંચાયતની દીવાલોની બહાર દર્શાવવા જોઈએ. આઇઇસીમાં ઉલ્લેખ કરવો જોઈએ કે પેન્શન દર મહિને પેન્શન-ધારક પાસે પહોંચી જવું જોઈએ. વિવિધ પ્રક્રિયાઓ માટેની પરવાનગીપાત્ર સમય મર્યાદા પણ દર્શાવવી જોઈએ. તે ઉપરાંત, ફરિયાદની નોંધણી કેવી રીતે કરવી તે પણ દર્શાવેલું હોવું જોઈએ. આ સિવાય, આઇઇસીએ વિકલાંગતા માટેના પ્રમાણનની પ્રક્રિયા પણ આવરી લેવી જોઈએ તથા

**કોઠા નં-૧: પાંચ ગ્રામ પંચાયતોનાં નવ ગામોમાં વિકલાંગતાનાં પ્રકાર અને સ્થિતિ**

| વિકલાંગતાનો પ્રકાર | પુખ્તોની સંખ્યા | પ્રમાણપત્ર ધરાવે છે | પેન્શન મળે છે |
|---|---|---|---|
| એક કરતાં વધુ વિકલાંગતા | ૫ | ૧ | ૦ |
| માનસિક વિકલાંગતા | ૧૧ | ૪ | ૪ |
| લોકોમોટર | ૧૮ | ૪ | ૨ |
| દ્રષ્ટિની ખામી | ૨ | ૧ | ૦ |
| જોવા અને સાંભળવાની ખામી | ૨ | ૨ | ૦ |
| અન્ય | ૯ | ૪ | ૪ |
| **કુલ** | **૪૭** | **૧૬** | **૧૦** |

ગ્રામ પંચાયત, આરોગ્ય કેન્દ્રો, પીએચસી અને સીએચસી ખાતે બહોળા પાયે તે પ્રદર્શિત કરવી જોઈએ.

પેન્શન રૂલ્સ (પેન્શનના નિયમો)માં તથા રાજસ્થાન સુગમ ટોલ ફ્રી હૅલ્પલાઇનમાં ફરિયાદ નોંધણી અને નિવારણની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે. જરૂર પડ્યે રાઇટ ટુ હિયરિંગ ઍક્ટનો પણ ઉપયોગ કરી શકાય. ગ્રામ પંચાયત અને તાલુકા કક્ષાના કર્મચારી તથા અધિકારીઓની, અરજીકર્તાઓ, પેન્શન-ધારકો અને ગ્રામ પંચાયત પ્રત્યેની જવાબદારી એ સૌથી મોટો અંતરાય છે. પેન્શન મંજૂર થયું કે કેમ, શા માટે રદ થયું અથવા તો શા માટે તે અટકાવી દેવાયું છે વગેરે પ્રશ્નો માટે જે અધિકારીઓ કે કર્મચારીઓનો સંપર્ક સાધવામાં આવતો હોય, તેઓ યોગ્ય માહિતી આપે, યોગ્ય પ્રતિભાવ આપે, તો ઘણો જ હકારાત્મક ફેરફાર થઈ શકે છે.

શંકરનાથ પેન્શન મેળવે છે, જ્યારે તેમની પત્ની શાંતિનું પેન્શન આશરે એક વર્ષથી અટકાવી દેવાયું છે. નાણાં કચેરીનો સંપર્ક સાધતાં અમને જણાવવામાં આવ્યું કે, પતિ-પત્ની સંયુક્ત પેન્શન-ધારકો હતાં. જો શાંતિ પોતાનો જૂનો પેન્શન પેમેન્ટ ઑર્ડર (પીપીઓ) સુપરત કરે, તો તેમનું પેમેન્ટ શરૂ થઈ જશે, પરંતુ શાંતિને આ માહિતી આપવામાં આવી નહોતી. ભોમારામ માનસિક વિકલાંગતા ધરાવે છે. જ્યારે તેમને પ્રમાણન માટે બાડમેર લઈ જવાયા, ત્યારે-તેમની માનસિક વિકલાંગતાનું પ્રમાણ ૪૦ ટકા કરતાં ઓછું છે એમ કહીને તેમને પેન્શન આપવાનો ઇનકાર કરવામાં આવ્યો. ૨૨ વર્ષની ધાપુ એક કરતાં વધુ વિકલાંગતા ધરાવે છે અને તેની કાળજી લેવી જરૂરી છે. બે વર્ષ પહેલાં તેનું પેન્શન શરૂ થયું, પરંતુ ઑગસ્ટ ૨૦૧૩ બાદ તેનું પેન્શન અટકાવી દેવાયું. તેના માતા-પિતાએ ગ્રામ સેવકનો સંપર્ક સાધતાં ગ્રામ સેવકે એમ કહીને તેમને રવાના કરી દીધાં કે, આ માટે તેમણે જિલ્લા મુખ્ય મથકે (હેડ-ક્વાર્ટર ૫૨) જવું પડશે, કારણ કે પેન્શન ત્યાંથી આપવામાં આવશે. ત્યાર બાદ ધાપુનાં માતા-પિતાએ કોઈ કાર્યવાહી કરી નહીં, કારણ કે ધાપુને તાલુકા મથકે લઈ જવાનું તેમને મુશ્કેલ લાગ્યું. આમ, કોઈ પણ કર્મચારી કે અધિકારીએ, અરજીકર્તા પ્રત્યેનું ઉત્તરદાયિત્વ લીધું નહીં.

પેન્શનની રસીદ અનિયમિત હોય છે અને તે પાછળ ચારથી છ મહિના નીકળી જાય તે સામાન્ય બાબત બની ગઈ છે. તેથી, પેન્શન ધારક બે મહિનાનું પેન્શન પાંચ કે છ મહિના પછી મેળવશે. ઘણી વખત પેન્શન ધારક પાંચ-છ મહિનાનું પેન્શન એક વર્ષ બાદ મેળવે છે. લોકો મનીઑર્ડરની રસીદોના આધારે તેમના પેન્શનની નોંધ રાખવાનો પ્રયાસ કરે છે. આવા વિલંબને કારણે લોકો આ વિલંબને સામાન્ય ગણતા થઈ ગયા છે અને તેથી તેઓ છથી આઠ મહિના સુધી પૂછપરછ કરતાં નથી. એટલો સમય વીત્યા બાદ તેઓ ટપાલીને પૂછવાનું શરૂ કરે છે. તેથી, થોડા મહિનાઓમાં પેન્શન મળશે કે પછી પેન્શન કોઈ કારણસર અટકાવી દેવાયું છે તે વિશે લોકોને કોઈ જાણકારી હોતી નથી. ત્યાર બાદ કેટલાક પેન્શન-ધારકો તેમના પીપીઓ ઑર્ડર સાથે નાણાં કચેરીએ જાય છે, ત્યારે તેમને જવાબ મળે છે કે વાર્ષિક, લાભાર્થી-ખરાઈ ન થઈ હોવાથી તેમનું પેન્શન અટકાવી દેવાયું છે. તેમનું પેન્શન ફરી શરૂ થાય છે પણ તેમને વચ્ચેના મહિનાઓ માટેનાં કોઈ નાણાં મળતાં નથી. ઘણી વખત પેન્શન-ધારકને કહેવામાં આવે છે કે નાણાં કચેરી (ટ્રેઝરી ઑફિસ)માંથી પેન્શન આપી દેવાયું છે. વાસ્તવમાં ચૂકવણી જે-તે વ્યક્તિને કરવામાં આવી છે કે કેમ તેની તપાસ કરવાની તસ્દી કોઈ નથી લેતું. પેન્શન-ધારક દ્વારા પેન્શનની રસીદની નોંધ રાખવાની વ્યવસ્થા ન હોય, ત્યારે તેમાં શંકા ઉદ્ભવવાનો તથા નાણાંની ઉચાપતની શક્યતા રહે છે. પેન્શન-ધારકો અવાર-નવાર એવી ફરિયાદ કરે છે કે, ટપાલી તેમનાં નાણાંની ઉચાપત કરે છે. ટપાલી નાણાં આપતો હોવાથી ગામનાં લોકો તેને શક્તિશાળી અને વગદાર માને છે. ટપાલી પોતે લોકોના ઘરે જતો નથી, પણ લોકોને ફોન કરીને તેમને પોસ્ટ ઑફિસે આવીને તેમનાં નાણાં લઈ જવા માટે કહે છે. પેન્શન આપતી વખતે નિશ્ચિત પ્રક્રિયાઓનું પાલન થાય છે કે કેમ તેની દેખરેખ રાખવામાં ગ્રામ પંચાયત મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

પેન્શન એ સોશ્યલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ (એસજેઇ - સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગ) ડિપાર્ટમેન્ટની જવાબદારી છે. તેઓ અરજીના ફોર્મ પ્રકાશિત કરે છે. મંજૂરી, અમલીકરણ અને દેખરેખની જવાબદારી જિલ્લાથી ગ્રામ પંચાયતના કર્મચારીઓ તથા અધિકારીઓની છે. ચૂકવણી કરવાની જવાબદારી નાણાં વિભાગ (ટ્રેઝરી)ની હોય છે અને રાજસ્થાનમાં સામાન્યપણે ટપાલ ખાતાનો ઉપયોગ કરીને મનીઑર્ડર દ્વારા ચૂકવણી કરવામાં આવે છે. આ કામગીરી સાથે સંકળાયેલા દરેક કર્મચારી તથા અધિકારીની ભૂમિકા સ્પષ્ટ હોવા છતાં આંતર-વિભાગીય ઉત્તરદાયિત્વ માટે કોઈ નક્કર વ્યવસ્થા નથી.

પબ્લિક સર્વિસિઝ ગેરન્ટી ઍક્ટ હેઠળ ફરિયાદની નોંધણી કરવા માટે અરજીકર્તાઓને એકત્રિત કરીને ગતિશીલ બનાવવાથી ચોક્કસ ફરક પડશે. કદાચ, વડા પ્રધાન જન ધન યોજનાને કારણે લાખો ગરીબોની પેન્શનની રકમ તેમનાં ઝીરો બૅલેન્સ એકાઉન્ટમાં અસરકારક રીતે

પહોંચે. જ્યાં સુધી ચૂકવણી ન થાય, ત્યાં સુધી અરજીઓની ગતિવિધિ પર ઓનલાઇન નજર રાખવાની કામગીરી શરૂ થઈ ચૂકી છે. આ કામગીરીને લાભાર્થી દ્વારા ચૂકવણીની રસીદ મળે, તે તબક્કા સુધી વિસ્તારવાની જરૂર છે. કરવામાં આવેલી ચૂકવણીની રસીદો, નાણાં કચેરી (ટ્રેઝરી ઑફિસ) પર પરત કરવામાં આવે છે, પરંતુ કદી પણ તેની ખરાઈ કરવામાં આવતી નથી. પાંચપાદરાની ટ્રેઝરી ઑફિસના જણાવ્યા અનુસાર, એક મહિનામાં આશરે ૨૫થી ૩૦ હજાર રસીદો આવે છે, અને તેને તપાસવા જેટલો સ્ટાફ તેમની પાસે નથી. તેથી, કોઈ કારણસર પેન્શનની ચૂકવણી ન થઈ હોય, તેવા કિસ્સાઓ પર જ તેઓ ધ્યાન આપે છે.

---

## જાહેર સેવાઓ સુધી ગરીબોની પહોંચ અંગેના અનુભવ

**માહિતીનો પ્રસાર કરવાની પદ્ધતિમાં સુધારો કરવાની જરૂરિયાત - રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના (આરએસબીવાય) અને પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (પીડીએસ)**

ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના વિજયનગર અને ખેડબ્રહ્મા/પોશીના તાલુકાઓની પસંદ કરેલી ગ્રામ પંચાયતોમાં અસરકારક રીતે સાર્વજનિક સેવા પૂરી પાડવાની પ્રક્રિયાને આગળ ધપાવવાના અનુભવના આધારે ઉન્નતિનાં **સુશ્રી દીપા સોનપાલ** દ્વારા આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે.

ગામોની મુલાકાતો દરમિયાન, જ્યારે સમુદાયને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, એવા કયા બે જાહેર કાર્યક્રમો છે, જે તેમના માટે ઘણા જ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તે કાર્યક્રમો અસરકારક રીતે તેમના સુધી પહોંચી શક્યા નથી? આ પ્રશ્નના જવાબમાં તરત જ તેમણે જણાવ્યું હતું કે, 'રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના' (આરએસબીવાય) અને 'મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ઍક્ટ' (એમજીનરેગા). ક્ષેત્ર (ફિલ્ડ) કક્ષાની ચર્ચાઓના આધારે માલૂમ પડ્યું હતું કે, સરકાર દ્વારા શ્રેષ્ઠતમ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં કેટલીક મહત્ત્વની માહિતી ગરીબ વર્ગ સુધી પહોંચી શકી નથી, જે ગરીબો સુધી આ કાર્યક્રમો પહોંચવા આડે અવરોધ સર્જે છે.

**આરએસબીવાય કાર્ડની પ્રમાણભૂતતા વિશેની માહિતી:** જુદા-જુદા પરિવારો સાથેની વાતચીતના આધારે જાણવા મળ્યું હતું કે, ગરીબીની રેખા હેઠળના લગભગ કોઈ પણ (બીપીએલ) પરિવારે એપ્રિલ ૨૦૧૪થી આરએસબીવાય સ્માર્ટ કાર્ડનો ઉપયોગ કર્યો ન હતો. આ સ્માર્ટ કાર્ડ સરકાર દ્વારા જારી કરવામાં આવે છે, જે ગરીબીની રેખા હેઠળ જીવતા (બીપીએલ) પરિવારને સરકાર માન્ય, કોઈ પણ હૉસ્પિટલમાં ઓછામાં ઓછા ૨૪ કલાક સુધી દાખલ થવા પર રૂ. ૩૦,૦૦૦ સુધીના આરોગ્ય વીમાનો લાભ આપે છે. જૂનું કાર્ડ દર વર્ષે એપ્રિલમાં રિન્યૂ કરવાનું રહેતું હોવાથી મે ૨૦૧૪માં આરએસબીવાય ટોલ ફ્રી હૅલ્પલાઇનનો સંપર્ક સાધવામાં આવ્યો. આ હૅલ્પલાઇન દ્વારા જાણવા મળ્યું કે કાર્ડની માન્યતા ૩૧ માર્ચ, ૨૦૧૪ના રોજ સમાપ્ત થઈ જતી હતી અને રિન્યૂ કર્યા બાદ જ તે માન્ય ગણવામાં આવશે. પરંતુ, રિન્યૂઅલ પ્રક્રિયા ક્યારે શરૂ થશે તે અંગે કોઈ સ્પષ્ટતા નહોતી. રિન્યૂઅલની પ્રક્રિયા ક્યારે હાથ ધરાશે તે અંગે જિલ્લા કક્ષાએ પણ કોઈ માહિતી ઉપલબ્ધ ન હતી.

ઑગસ્ટ મહિનામાં ડિપાર્ટમેન્ટ ઑફ હૅલ્થ એન્ડ ફૅમિલી વૅલ્ફૅર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના ડિરેક્ટરનો સંપર્ક સાધવામાં આવતાં તેમણે આરએસબીવાયના પ્રોગ્રામ ઑફિસર(પીઓ) સાથે વાત કરવા માટે જણાવ્યું. પીઓએ પૂરી ખાતરી સાથે જણાવ્યું કે, હૅલ્પલાઇન તથા તમામ દરજ્જાના અધિકારીઓ એ બાબતે પૂરેપૂરી સ્પષ્ટતા ધરાવતા હતા કે આરએસબીવાય કાર્ડની માન્યતા લંબાવવામાં આવી છે અને આ અંગેનો સત્તાવાર પરિપત્ર પણ જારી કરવામાં આવ્યો છે. જ્યારે અધિકારીએ પોતાની ઓળખ છૂપાવીને કાર્ડના ઉપયોગ અંગે માર્ગદર્શન મેળવવા માંગતા ગ્રાહક તરીકે હૅલ્પલાઇન પર ફોન કર્યો અને કાર્ડની માન્યતા (વેલિડિટી) અંગે પૂછપરછ કરી, ત્યારે તેમના આશ્ચર્ય વચ્ચે, તેમને માલૂમ પડ્યું કે, કાર્ડની માન્યતા (વેલિડિટી) લંબાવવામાં આવી હોવા અંગે કોઈ જાણકારી ન હતી.

હૅલ્પલાઇન પર તેમણે વાત કરી, ત્યારે ઑપરેટરે તેમને તેવો જ પ્રતિભાવ આપ્યો, જેવો છેલ્લા પાંચ મહિનાઓથી ફોન કરનારા અન્ય લોકોને મળતો હતો. ફોન કરનારાઓને હૅલ્પલાઈન ઉપરથી એવું કહેવામાં આવતું કે, ગયા વર્ષે જારી કરવામાં આવેલું કાર્ડ એક્સપાયર્ડ થઈ ચૂક્યું છે એટલે કે માન્ય રહ્યું નથી. જો વ્યક્તિ તે કાર્ડનો ઉપયોગ કરવા માંગતી હોય, તો તેણે તે રિન્યૂ કરાવવાનું રહેશે. આ કાર્ડ ક્યારે અને કેવી રીતે રિન્યૂ કરી શકાય તે અંગે ઑપરેટરને કોઈ જાણકારી નહોતી. માહિતી આપવા બાબતે પ્રકાશમાં આવેલી આ ખામીની જાણ થતાં અધિકારી મૂંઝવણમાં મૂકાઈ ગયા અને તેમને હૅલ્પલાઇન સુપરવાઇઝર અને ઑપરેટર્સની મિટિંગ બોલાવવાની તથા નવી માહિતી જારી કરવાની ફરજ પડી. જ્યાં સુધી નવી નૉટિસ બહાર ન પડે, ત્યાં સુધી યોજના હેઠળનો લાભ ગત નાણાકીય વર્ષે જારી કરવામાં આવેલાં વર્તમાન કાર્ડ હેઠળ માન્ય ગણવામાં આવશે.

**પીડીએસ હેઠળ રેશનનો લાભ મેળવવા માટે બારકોડ કૂપન અને બાયોમેટ્રિક પ્રમાણભૂતતાઃ** એપ્રિલ, ૨૦૧૪ના પ્રારંભમાં વિજયનગરમાં, પીડીએસ દુકાનોમાંથી ખાદ્ય પદાર્થો તથા અન્ય ચીજો મેળવવા અંગેની ચર્ચા દરમિયાન અમને જાણવા મળ્યું કે બીપીએલ (ગરીબીની રેખા હેઠળ જીવતા) પરિવારોએ બારકોડની કૂપન મેળવવા માટે એક પાનાની પ્રિન્ટઆઉટના પાંચ રૂપિયા અને બે પાનાની પ્રિન્ટઆઉટના ૧૦ રૂપિયા ચૂકવવા પડતા હતા. બારકોડેડ કૂપન બાયોમેટ્રિક પ્રમાણભૂતતાના આધારે વેબ આધારિત સિસ્ટમ દ્વારા બનતી હોય છે, જે પીડીએસ દુકાનમાંથી પરિવારને કેટલું રેશન મળી શકશે તે દર્શાવતી હોય છે. આ પ્રિન્ટ-આઉટ્સ સામાન્યપણે સરકાર દ્વારા માન્ય, ખાનગી માલિકીના દરેક પંચાયતમાં આવેલા વિલેજ કમ્પ્યુટર આંત્રપ્રિન્યોર (વીસીઇ) પાસે રહેલી ઉપલબ્ધ ઇન્ટરનેટ સુવિધા દ્વારા લેવામાં આવે છે. ગામમાં ઉપલબ્ધ આ એક માત્ર ઇન્ટરનેટ સુવિધા હોય છે.

નિયમ પ્રમાણે, આ રકમ દરેક કાર્ડ ધારક પાસેથી પીડીએસ દુકાન માલિક દ્વારા બિલની કુલ રકમમાંથી કાપવામાં આવે છે. પીડીએસ દુકાન માલિકે તમામ કુપનો ફૂડ એન્ડ સિવિલ સપ્લાય ડિપાર્ટમેન્ટને સુપરત કરીને ત્યાંથી આ કુલ રકમ માંગવાની રહે છે. તાલુકા અને જિલ્લા કક્ષાના સરકારી અધિકારીઓ સાથે આ મામલે વાતચીત કરતાં માલૂમ પડ્યું કે આ પ્રક્રિયાનો અમલ થતો નથી અને આ વ્યવસ્થાનું સંચાલન કેવી રીતે થાય છે તે અંગે સ્પષ્ટતા પ્રવર્તતી નથી. ગાંધીનગર ખાતે સચિવાલયમાં સિવિલ સપ્લાયના ડિરેક્ટરનો સંપર્ક સાધતાં જાણવા મળ્યું કે આ વ્યવસ્થા અંગે સ્પષ્ટપણે જાણકારી આપવામાં આવી છે. બાર કોડ કુપનની પ્રિન્ટ-આઉટ ચાર ભાગમાં વિભાજિત હોય છે, જેમાંના બે ભાગ કાર્ડ ધારક માટે અને બાકીના બે ભાગ પીડીએસ દુકાન માલિક માટેના હોય છે. કુપનની વચ્ચે એવું છપાવવામાં આવ્યું છે કે બીપીએલ પરિવારોને આ કુપન રાહત ધોરણે આપવામાં આવે છે, પરંતુ આ લખાણની તમામ હિસ્સાધારકો દ્વારા ઉપેક્ષા કરવામાં આવે છે.

બારકોડ કૂપન ચાર ચીજોની ખરીદી માટે હોય છે - ઘઉં, ચોખા, ખાંડ અને કેરોસીન. ઘણા કાર્ડ ધારકોને બે પાનામાં પ્રિન્ટઆઉટ મળે છે, તેથી તેમણે બીજા પાના માટે વધારાના પાંચ રૂપિયા ચૂકવવા પડે છે. ડિપાર્ટમેન્ટ ઓફ ફૂડ એન્ડ સિવિલ સપ્લાયના ડિરેક્ટરે કૂપનની પ્રિન્ટ એક જ કાગળમાં મળી રહે તેવી વ્યવસ્થા કરવાની ખાતરી આપી હતી. આમ કરવાથી રાજ્યના દરેકે દરેક બીપીએલ પરિવારના પાંચ રૂપિયાની દર મહિને બચત થશે. સાબરકાંઠા જિલ્લાના કલેક્ટરે નવી પહેલ કરીને પીડીએસ દુકાનો તથા વીસીઇ આઉટલેટ ખાતે એવી સૂચના આપતો સંદેશ દર્શાવ્યો છે કે કૂપન બીપીએલ પરિવારો માટે રાહત ધોરણે છે.

---

## જનની સુરક્ષા યોજના અંગેના અનુભવ

### રાજસ્થાનમાં સંસ્થાકીય પ્રસૂતિ સેવા સુધીની પહોંચ તથા રૂ. ૧,૪૦૦ની મળવાપાત્ર રકમ મેળવવા માટે ઓળખના પુરાવાની સમસ્યા

‘જનની સુરક્ષા યોજના’ હેઠળ સંસ્થાકીય પ્રસૂતિ સાથે સંકળાયેલી પ્રક્રિયા વિશેનો આ લેખ ‘ઉન્નતિ’નાં **સુશ્રી પરિધિ યાદવ** દ્વારા લખવામાં આવ્યો છે. આ લેખ રાજસ્થાનના બાડમેર જિલ્લામાં સંસ્થાકીય પ્રસૂતિની સેવાઓ મેળવી ચૂકેલી ગ્રામીણ મહિલાઓ સાથે કરવામાં આવેલી ચર્ચા પર આધારિત છે.

રાજસ્થાનના એક ગામની મહિલાઓ તેમની પંચાયતની હદમાં આવેલી સ્ટેટ બૅન્કની શાખાની બહાર બેઠી છે. આગ દઝાડતી ગરમીમાં આ મહિલાઓ સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈને છાતી સુધીનો ઘૂમટો તાણીને બેઠી છે. આ જાહેર જગ્યા છે અને મોટાભાગની સ્ત્રીઓને આવા સ્થળે જવાની પરવાનગી ન હોવાથી ક્યાંક ઘૂમટો ઊતરી ન જાય તેનું ધ્યાન રાખવામાં જ તેઓ વ્યસ્ત છે. ઘરની ચાર દીવાલોમાંથી બહાર ન નીકળી શકતી સ્ત્રીઓને સ્થાનિક બૅન્ક સુધી ખેંચી લાવવાનું થોડું શ્રેય ‘જનની સુરક્ષા યોજના’ને જાય છે. માતા મૃત્યુ દર અને શિશુ મૃત્યુ દરને ઘટાડવાના ઉદ્દેશ્યથી આ યોજના શરૂ કરવામાં આવી હતી. આ લક્ષ્યાંક પાર પાડવા માટે સંસ્થાકીય પ્રસૂતિ કરાવનારી મહિલાઓને રૂ. ૧,૪૦૦ની રકમ (રાજસ્થાનમાં) આપીને તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું. આ ચૂકવણી ચેક દ્વારા કરવામાં આવે છે.

આ યોજનાના અમલીકરણને પગલે ભારતીય સમાજની ઘણી કડવી વાસ્તવિકતાઓ અને નિષ્ફળતાઓ સપાટી પર આવી. બાડમેર જિલ્લાના એક જ તાલુકામાં, મહિલાઓને સંસ્થાકીય પ્રસૂતિ બાદ પણ જેએસવાયનો લાભ ન મળ્યો હોવાના સેંકડો દાખલા મોજૂદ હતા. અમલીકરણના મામલે સાંપડેલી આ નિષ્ફળતાનું વિશ્લેષણ કરતાં જણાયું કે, મહિલાઓ બૅન્કમાં ખાતું નથી ધરાવતી તે સૌથી મોટું કારણ છે, અને તેના કારણે તેઓ પોતાને મળવાપાત્ર લાભ મેળવી શકતી નથી. આ પ્રદેશમાં ઘણી નાની વયે છોકરીઓનાં લગ્ન કરાવી દેવાય છે અને યુવતીઓ ૧૮ વર્ષની થાય, તે પહેલાં તો તે એક સંતાનની માતા પણ બની ચૂકી હોય છે. અન્ય ઘણી સ્ત્રીઓ જન્મનું પ્રમાણપત્ર, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, લગ્નનું પ્રમાણપત્ર વગેરે જેવા ઓળખ માટેના મૂળભૂત દસ્તાવેજો પણ

નથી ધરાવતી હોતી.

રાજસ્થાનના અંતરિયાળ જિલ્લામાં મહિલાઓ ઓળખથી વંચિત છે, તે સમસ્યા પાછળ બહુવિધ પરિબળો જવાબદાર છે. બૅન્કનું ખાતું ખોલાવવા માટે મહિલાનું વોટર આઇડી કે આધાર કાર્ડ અને રેશન કાર્ડમાં તેનું નામ (જે ફોટો આઇડી અને સરનામાનો પુરાવો બની રહે છે) - આ બે મહત્ત્વના દસ્તાવેજોની જરૂર પડે છે. સ્ત્રીનાં લગ્ન થઈ ગયા પછી પણ ઘણા સમય સુધી કોઈ તેના દસ્તાવેજોને વ્યવસ્થિત કરવાની તસ્દી નથી લેતું. યુવતીનાં લગ્ન થઈ ગયાં હોવાથી તેના માતા-પિતા તેનું કોઈ પણ પ્રકારનું ઓળખ કાર્ડ નથી મેળવતાં. અને જો કોઈ સ્ત્રી પાસે લગ્ન પહેલાં વોટર આઇડી હોય, તો પણ તેનો કોઈ અર્થ નથી રહેતો, (કારણ કે સરનામું બદલાઈ ચૂક્યું હોય છે). પરંતુ, તે પણ ભાગ્યે જ બને છે, કારણ કે મોટાભાગની સ્ત્રીઓનાં ૧૪થી ૧૮ વર્ષની વચ્ચે લગ્ન થઈ ચૂક્યાં હોય છે, તેથી તે ઉંમરે તેમને વોટર આઇડી મળ્યું હોતું નથી.

વળી, મોટાભાગના કિસ્સાઓમાં સ્ત્રીઓ તેમના લગ્નના એક વર્ષની અંદર જ ગર્ભવતી થઈ જતી હોય છે, જેની આરોગ્યને લગતી અસરો તો છે જ, પણ હાલના મુદ્દાના સંદર્ભમાં જોતાં, રેશન કાર્ડમાં તે સ્ત્રીનું નામ નોંધાવવા માટે કે અન્ય કોઈ દસ્તાવેજ મેળવવા માટે ઘણો ઓછો સમય મળી રહે છે. આથી, ચેક મેળવ્યા બાદ જ્યારે તે ચેક વટાવવા માટે પ્રયત્ન કરવામાં આવે, ત્યારે તેમને તમામ જરૂરી દસ્તાવેજો મેળવવા અંગે જાણ થાય છે. આ તમામ દસ્તાવેજો મેળવવાની તથા તમામ જરૂરી પ્રક્રિયાઓ પૂરી કરવાની કવાયત પૂર્ણ થાય, ત્યાં સુધીમાં ચેકની સમય મર્યાદા પૂરી થઈ ગઈ હોય છે અથવા તો પરિવારને ચેકનો લાભ મેળવવામાં રસ રહેતો નથી, કારણ કે આ તમામ પ્રક્રિયાઓ પાછળ થતો ખર્ચ મળવાપાત્ર લાભની રકમ કરતાં વધી ગયો હોય છે. ઉપરોક્ત તમામ સૂચિત દસ્તાવેજો મેળવવાની પ્રક્રિયા એટલી લાંબી કે મુશ્કેલ ન પણ હોય, પરંતુ તેમાં પણ કેટલાક અવરોધો રહેલા છે. અન્ય દસ્તાવેજો મેળવવા માટે લગ્નનું પ્રમાણ મૂળભૂત દસ્તાવેજ તરીકે વાપરી શકાય. પરંતુ, લગ્નના પ્રમાણપત્ર માટે વયનો પુરાવો હોવો જરૂરી છે. હવે, શાળાનું શિક્ષણ મેળવનારી છોકરીઓનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ઉંમરના પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય છે, પરંતુ જે છોકરીઓએ શાળાનું શિક્ષણ ન મેળવ્યું હોય તેવી છોકરીઓ પાસે વયનો પુરાવો હોતો નથી. શાળાકીય શિક્ષણ ન મેળવનારી છોકરીઓની સંખ્યા નોંધપાત્ર છે, તે જોતાં લગ્નના પ્રમાણપત્ર વિના અન્ય કોઈ દસ્તાવેજ મેળવવો ઘણો મુશ્કેલ બને છે. અને અગાઉ જણાવ્યું તેમ, ૧૮ વર્ષ કરતાં નાની વયે છોકરીઓને પરણાવી દેવાય છે.

બીજી એક નોંધપાત્ર સમસ્યા એ છે કે, બૅન્કો જાણતી હોય છે કે ફક્ત જેએસવાય યોજનાનો લાભ મેળવવા માટે જ સ્ત્રીનું ખાતું ખોલાવવામાં આવે છે અને ત્યાર પછી તે ખાતાનો કોઈ ઉપયોગ કરવામાં આવતો નથી. તેથી, જેએસવાય હેઠળ સ્ત્રીઓનું ખાતું ખોલાવવા અંગે બૅન્કોનું વલણ પણ ઉદાસીન હોય છે.

ફક્ત યોજનાને બદલે તેની પ્રક્રિયા વિશે પણ જાગૃતિ ફેલાવીને આ સમસ્યાનું નિરાકરણ લાવી શકાય છે. પરિવારની સ્ત્રીઓ માટે યોગ્ય દસ્તાવેજો મેળવવાનું મહત્ત્વ લોકોને સમજાવવા માટે જેએસવાય પ્રક્રિયા મહત્ત્વનું સાધન સાબિત થઈ શકે છે. ખાનોડા ગામનાં એએનએમ કલ્પનાએ નવતર પહેલ કરી છે, જે અનુસાર તેઓ તમામ ગર્ભવતી સ્ત્રીઓને જેએસવાયનો લાભ મેળવવા માટેના જરૂરી દસ્તાવેજો વિશેની જાણકારી આપે છે. એટલું જ નહીં, મહિલાઓને પ્રસૂતિ પહેલાં તમામ જરૂરી દસ્તાવેજો મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે કલ્પના પ્રયત્ન કરે છે. પરંતુ, આશરે ફક્ત ૫૦ ટકા જેટલી સ્ત્રીઓ જ હૉસ્પિટલમાં પ્રસૂતિ કરાવે છે, તેથી બાકીની ૫૦ ટકા મહિલાઓ જેએસવાયના મળવાપાત્ર લાભથી વંચિત રહી જાય છે, તેમ છતાં પ્રોત્સાહક શરૂઆત કરી શકાય. મતદાર ઓળખ કાર્ડ, આધાર કાર્ડ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, બૅન્કમાં ખાતું - આ તમામ દસ્તાવેજો તથા વ્યવસ્થાઓથી મહિલાઓ વંચિત છે તે કેટલીક સરકારી યોજનાઓનો લાભ મેળવવા આડેનો અંતરાય તો છે જ, પણ તેની સાથે-સાથે તે મહિલાઓને જાહેર જીવનથી દૂર રાખતું મૂળભૂત પરિબળ છે.

આ સમગ્ર અનુભવ, નીતિ ઘડનારાઓ અને કાર્યક્રમના અમલકર્તાઓનું નરી વાસ્તવિકતા અંગેનું અજ્ઞાન છતું કરે છે. આપણો દેશ ચોક્કસપણે આર્થિક સમાવેશકતા તરફ ઝડપથી આગેકૂચ કરી રહ્યો છે. રાજસ્થાન સરકારે 'ભામાશા ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન સ્કીમ' (બીએફઆઇએસ) શરૂ કરી છે, જેમાં મહિલાઓને પરિવારની બૅન્ક ઍકાઉન્ટ હોલ્ડર (બૅન્કમાં ખાતું ધરાવનાર) તરીકે ગણવામાં આવે છે. આ યોજના ૨૦૧૪ના વર્ષમાં પુનઃ શરૂ કરવામાં આવી છે. આ યોજના મહિલાઓને આગળ વધવામાં તેમ જ નાણાકીય તથા આર્થિક સ્વતંત્રતાના તેમના અધિકારનો ઉપયોગ કરવાની નાણાકીય સત્તાઓ પૂરી પાડવા પર ધ્યાન આપે છે, અને તેથી બીએફઆઇએસ અન્ય યોજનાઓ કરતાં અલગ તરી આવે છે. મોટાભાગની કલ્યાણકારી તથા આ પ્રકારની અન્ય સરકારી યોજનાઓમાં પરિવારનો વડો સામાન્યપણે પુરુષ હોય છે. જ્યારે બીએફઆઇએસમાં પરિવારનું વડપણ મહિલાઓ કરતી હોવાનું માનવામાં આવે છે. આ યોજના હેઠળ રાજસ્થાનના ગ્રામીણ વિસ્તારોના તમામ બીપીએલ, નાના અને સીમાંત ખેડૂતો તથા એસસી

કે એસટી પરિવારોને તેમના રહેઠાણથી ૩-૫ કિમીના અંતરે બૅન્કિંગ સુવિધા પૂરી પાડીને તેમને બૅન્કિંગ વ્યવસ્થા હેઠળ આવરી લેવામાં આવે છે. આ પરિવારોની મહિલાઓના નામે બૅન્કમાં ખાતું ખોલાવવામાં આવે છે અને તે ખાતું બાયોમેટ્રિક ઓળખ દ્વારા સંચાલિત કરવામાં આવશે. આ બૅન્ક ખાતું કાયમી ધોરણે સરકારી રેકોર્ડ્ઝમાં રજિસ્ટર્ડ થઈ જશે (નોંધાઈ જશે) અને કોઈ પણ સરકારી યોજનાના ધિરાણના લાભ માટે તે સત્તાવાર(અધિકૃત) ખાતું ગણાશે. આ પ્રકારની મહત્ત્વાકાંક્ષી યોજનાઓ આવકાર્ય છે, પરંતુ, ૧૮ વર્ષ કરતાં ઓછી વયે માતા બનતી હજ્જારો છોકરીઓ કેવી રીતે તેમને મળવાપાત્ર લાભ મેળવી શકશે તે અંગે સઘન વિચારણા હાથ ધરવી ઘણી જરૂરી છે. શું નાની વયે માતા બનનારી આ યુવતીઓને તેમના લાભથી વંચિત રાખીને આપણે તેમને સજા કરીશું? જો આમ કરવામાં આવે, તો આ પગલું સંસ્થાકીય પ્રસૂતિ અને ત્યાર બાદ માતા અને શિશુની કાળજી તથા સલામતી માટે ઘણું જ નિરૂત્સાહક બની રહેશે. બહુવિધ ફેરફારો અને પડકારો સાથે આપણો સમાજ ઝડપથી બદલાઈ રહ્યો છે.

## વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર મેળવવું:

### પ્રમાણપત્રના અસરકારક વિતરણ માટે કચેરીની કામગીરીને પુનઃઆયોજિત કરવાની જરૂરિયાત

સાબરકાંઠા જિલ્લા સિવિલ હોસ્પિટલ દ્વારા ગુજરાતના વિજયનગર અને ખેડબ્રહ્મા/પોશીના તાલુકાઓના સીએચસી ખાતે યોજાયેલા વિકલાંગતા પ્રમાણન કૅમ્પ અંગેના અનુભવોના આધારે ‘ઉન્નતિ’નાં **સુશ્રી દીપા સોનપાલ, સુશ્રી નેહા પંડ્યા, સુશ્રી ગીતા ડોડિયા, શ્રી થેપા પરમાર અને શ્રી ભાવિન મેક્વાન** દ્વારા આ લેખ લખાયો છે. આ કૅમ્પ્સને વધુ અસરકારક બનાવવા માટે વિભાગીય કક્ષાએ કેટલાક ફેરફારો કરવાની ભલામણ કરવામાં આવી છે. જાહેર કાર્યક્રમોને અસરકારક બનાવવામાં સતત સહકાર આપવા બદલ અમે સીડીએમઓ, ડીડીઓ અને જિલ્લા કલેક્ટર સહિતના અધિકારીઓનો આભાર માનીએ છીએ.

ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા/પોશીના અને વિજયનગર તાલુકામાં વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર ન ધરાવતી વિકલાંગ વ્યક્તિઓની સંખ્યા ઘણી વધારે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેની સરકારી યોજનાઓનો લાભ મેળવવા, સ્પષ્ટ દેખાતી વિકલાંગતા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પીએચસી)માંથી અથવા તો જિલ્લાની સિવિલ હોસ્પિટલ ખાતે સિવિલ સર્જન કે રેસિડેન્ટ મેડિકલ ઑફિસર (આરએમઓ) પાસેથી કે પછી આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ કમ્યુનિટી હેલ્થ સેન્ટર્સ (સીએચસી) ખાતે સમયાંતરે યોજાતા ખાસ કૅમ્પ્સ ખાતેથી વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે. ડોક્ટર કે અધિકૃત સ્પેશ્યાલિસ્ટ વ્યક્તિને ઓછામાં ઓછી ૪૦ ટકા વિકલાંગતા હોવાનું પ્રમાણિત કરે તે જરૂરી છે. એક વખત આ થઈ ગયા બાદ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓએ સોશ્યલ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ (સામાજિક સુરક્ષા વિભાગ) દ્વારા જારી કરવામાં આવેલું ઓળખ કાર્ડ મેળવવું જરૂરી છે, ત્યાર બાદ તેઓ યોજનાનો લાભ મેળવવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. સામાન્યપણે, પ્રમાણનનો દર પ્રત્યેક કૅમ્પદીઠ ૫-૧૦ પ્રમાણપત્રોનો હોય છે. તાજેતરમાં જે બે કૅમ્પ યોજાયા, તેમાં વિજયનગર ખાતે ૩૧ વ્યક્તિઓને પ્રમાણિત કરવામાં આવ્યાં હતાં અને પોશીનામાં ૪૮ વ્યક્તિઓને પ્રમાણિત કરવામાં આવ્યાં હતાં. વિકલાંગતા ધરાવતી વધુ ૧૫ વ્યક્તિઓની આકારણી કરવામાં આવી હતી અને દસ્તાવેજોની ખરાઈ કર્યા બાદ તેમનાં માતા-પિતાને હિંમતનગરથી પ્રમાણપત્રો મેળવી લેવાનું જણાવવામાં આવ્યું હતું. કૅમ્પ યોજાયો તે અગાઉ ગ્રામ કક્ષાએ નક્કી કરવામાં આવેલા નાગરિક આગેવાનો (સિટિઝન લીડર્સ - સીએલ) તથા આરોગ્ય સેવા પૂરી પાડનારાઓ દ્વારા સામુદાયિક કક્ષાએ કૅમ્પ અંગેની માહિતીનો પ્રસાર કરવામાં આવ્યો હતો.

કૅમ્પનું આયોજન કરવા માટે જિલ્લા સિવિલ હૉસ્પિટલ સમયાંતરે જિલ્લા કક્ષાએ દરેક તાલુકા માટેની તારીખો જાહેર કરતી હોય છે અને ડૉક્ટરોની ટીમ મોકલતી હોય છે. આ ટીમમાં ઑપ્થેમોલૉજિસ્ટ, ઇએનટી, સાઇકિયાટ્રિસ્ટ અને ઑર્થોપેડિક જેવા સ્પેશ્યાલિસ્ટ્સનો સમાવેશ થતો હોય છે, જેથી વિકલાંગતા ધરાવતી તમામ વ્યક્તિઓને પ્રમાણિત કરી શકાય. ઓનલાઇન જારી કરવામાં આવેલા તમામ પ્રમાણપત્રો બનાવવા માટેની જવાબદારી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર સ્થિત એબિલિટી ગુજરાતના અધિકારીઓની રહે છે. કૅમ્પ માટેની સાધન-સામગ્રીની ગોઠવણ કરવાની જવાબદારી સીએચસી ખાતેના રેસિડેન્ટ ડૉક્ટરની અથવા તો બ્લૉક હૅલ્થ ઑફિસર (બીએચઓ)ની રહે છે. આ કૅમ્પ્સમાં જોવા મળ્યું હતું કે પીએચસી ખાતેના ડૉક્ટર વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ તથા તેમની સાથે આવેલી વ્યક્તિઓને પીએચસીથી સીએચસી સુધી લાવવા-લઈ જવાની સેવા પૂરી પાડી શકે છે. આ માટે પીએચસીનાં વાહનનો ઉપયોગ કરી શકાય અથવા તો ગ્રામ આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ સમિતિ (સંજીવની સમિતિ) કે રોગી કલ્યાણ સમિતિના ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ કરીને વાહન ભાડે કરી શકાય. સર્જનો તથા નિષ્ણાતો

સવારના ઓપીડીમાં હાજર રહ્યા બાદ કૅમ્પમાં આવ્યા હોય છે અને પરત ફરીને તેમણે સાંજે ઓપીડીમાં હાજર રહેવાનું હોવાથી કૅમ્પ ખાતે પોતાનાં કાર્યો ઝડપથી પૂરાં કરવાની તેમને ઊતાવળ હોય છે. પ્રમાણપત્ર ધરાવતાં હોવા છતાં પણ કૅમ્પ પર નોંધણી કરાવવા માટે આવનારા લોકોની સંખ્યા પણ ઘણી વધારે હતી, કારણ કે પ્રમાણપત્ર અંગેની પ્રક્રિયા વિશે અપૂરતી માહિતી ધરાવનાર આશા અને ફિમેલ હૅલ્થ વર્કર્સ (એફએચડબલ્યુ)એ તેમને આમ કરવા માટે જણાવ્યું હતું. વિકલાંગતા ધરાવતાં અન્ય ઘણાં લોકો સાચી માહિતીના અભાવને કારણે જરૂરી દસ્તાવેજો લાવ્યા નહોતા. તેઓ મૂળ રેશન કાર્ડ સાથે ન લાવ્યા હોવાથી તેમને પ્રમાણપત્ર મળ્યું ન હતું. પ્રમાણન સમયે મૂળ રેશન કાર્ડ રજૂ કરવું જરૂરી હોય છે તે માહિતી કોઈ પણ દસ્તાવેજ, જીઆર, સરક્યુલર, આદેશો કે વેબસાઇટ્સ પર મૂકવામાં આવી નથી.

કૅમ્પના સ્થળે હાજર ડૉક્ટરોની ટીમે માનસિક રીતે અસ્થિર, લોકોમોટર ડિસેબિલિટી ધરાવતી તથા દ્રષ્ટિની ખામી ધરાવતી વ્યક્તિઓનું મૂલ્યાંકન કર્યું હતું. સાંભળવાની ખામી ધરાવતી વ્યક્તિઓને ઑડિયોગ્રામ માટે અમદાવાદ સિવિલ હૉસ્પિટલ મોકલવાની ભલામણ કરી હતી.

વિકલાંગતા અંગેના પ્રમાણપત્ર માટેના કૅમ્પ દરમિયાન પ્રમાણન માટે અસરકારક કૅમ્પ યોજવા માટેના ઘણા મુદ્દાઓ પ્રકાશમાં આવ્યા હતા.

(૧) કૅમ્પની તારીખ અને સ્થળનો મોટાપાયે પ્રચાર કરવો જરૂરી છે. કૅમ્પમાં યથાર્થતાની ચકાસણી માટે રજૂ કરવાના રહેતા જરૂરી દસ્તાવેજો અને ઓળખના પુરાવા વિશે વિકલાંગ વ્યક્તિઓ તથા તેમના પરિવારજનોને માહિતી પૂરી પાડવામાં આવે તે જરૂરી છે. જરૂરી દસ્તાવેજો આ પ્રમાણે છે - મૂળ રેશન કાર્ડ તથા તેની બે નકલો અને પાસપોર્ટ સાઇઝના બે ફોટોગ્રાફ, યથાર્થતા (ખરાઈ)ની ચકાસણી સમયે રેશન કાર્ડમાં વિકલાંગ વ્યક્તિનું નામ સામેલ હોય તે જરૂરી છે. કૅમ્પની તારીખ, સ્થળ તેમજ કૅમ્પમાં રજૂ કરવાના દસ્તાવેજો અંગેની વિગતો દર્શાવતી લેખિત જાહેરાત ગ્રામ પંચાયતની કચેરી, પીએચસી, સબ-સેન્ટર, આંગણવાડી કેન્દ્ર અને પ્રાથમિક શાળામાં લગાવી શકાય. વિવિધ સરકારી કર્મચારીઓ તથા પંચાયત, ગ્રામ, તાલુકા કક્ષાના આગેવાનો તેની વધુ જાહેરાત કરી શકે છે.

(૨) કૅમ્પ અંગે ગામનાં લોકોને માહિતી પૂરી પાડતા ફિમેલ હૅલ્થ વર્કર (એફએચડબલ્યુ), આશા કાર્યકર્તાઓ, આંગણવાડી કાર્યકર્તાઓ અને શાળાના શિક્ષકોને વિકલાંગતા વિશે, અને ખાસ કરીને શરૂઆતના તબક્કે વિકલાંગ વ્યક્તિને ઓળખવા અંગે તથા પ્રમાણનની પ્રક્રિયા અંગે તાલીમ પૂરી પાડવામાં આવે તે જરૂરી છે.

(૩) વિકલાંગતા ધરાવતનારી વ્યક્તિઓને નજીકના સીએચસી સુધી પહોંચાડવાની ગોઠવણ કરવા માટે પીએચસીની સહાય મળવી જરૂરી હોવાથી, વીએચએસએનસી અને રોગી કલ્યાણ સમિતિમાં ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ કરવા માટે સીએચસી, પીએચસી મેડિકલ ઑફિસરને જણાવી શકાય. (સાબરકાંઠા જિલ્લાના કલેક્ટર આ અંગેનો પરિપત્ર જારી કરવા સંમત થયા છે)

(૪) વિકલાંગતા પ્રમાણન કૅમ્પ અંગેનો પ્રોટોકોલ (નિયમો, ખરડો) વિકસાવી શકાય, જેમાં, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કેવી રીતે સીએચસી ખાતે એકત્ર કરવી જોઈએ અને કેવી રીતે તેમની નોંધણી કરવી જોઈએ તે અંગેની વિગતો આપવામાં આવશે. (પ્રમાણપત્રની પ્રક્રિયા ઝડપી બને તે માટે સ્પેશ્યાલિસ્ટ્સની ટીમ આવી પહોંચે તે અગાઉ આ કામગીરી થઈ ચૂકી હોવી જોઈએ). સીએચસીની ભૂમિકા વધુ સ્પષ્ટ કરવી જરૂરી છે - મૂલ્યાંકનમાં સ્પેશ્યાલિસ્ટને મદદ કરવા માટે સીએચસી ખાતે સ્થાનિક સ્ટાફની સહાય મળે તે જરૂરી છે. સ્પેશ્યાલિસ્ટનો સમય સાધન-સામગ્રીની ગોઠવણ કરવામાં, નોંધણીની પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત બનાવવામાં, લાઇન બરાબર છે કે કેમ તેના પર નજર રાખવામાં અને દર્દીને સંબંધિત સ્પેશ્યાલિસ્ટ પાસે મોકલવામાં વપરાવાને બદલે દર્દીઓનું મૂલ્યાંકન કરવામાં વપરાવો જોઈએ.

(૫) કૅમ્પ માટે દર્દીઓની નોંધણી કરવાની કામગીરીમાં તથા દર્દીઓને સંબંધિત સ્પેશ્યાલિસ્ટને મળવાનું માર્ગદર્શન પૂરું પાડવામાં સીએચસી સ્તરના સ્ટાફને સામેલ કરવો જરૂરી છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ડૉક્ટરને મળે, તે પહેલાં કોઈ કર્મચારી તેમના દસ્તાવેજોની ખરાઈ કરે તે જરૂરી છે. પ્રમાણન થઈ ગયા બાદ પ્રમાણિત ન થયેલી વ્યક્તિઓની જે-તે કિસ્સા મુજબ સર્જરી કે સારવાર સુનિશ્ચિત કરવા માટે આવી વ્યક્તિઓની અલાયદી યાદી બનાવવી જરૂરી છે.

(૬) સાંભળવાની ખામી ધરાવતી વ્યક્તિનું ઑડિયોગ્રામ વિના પ્રમાણન કરવું શક્ય નથી અને ઓડિયોગ્રામ ફક્ત અમદાવાદ સ્થિત સિવિલ હૉસ્પિટલ ખાતે જ ઉપલબ્ધ છે. એક વખત આ અહેવાલ ઉપલબ્ધ બનાવવામાં આવે, ત્યાર બાદ ઇએનટી સ્પેશ્યાલિસ્ટ પ્રમાણપત્ર જારી કરી શકે છે. સાંભળવાની ખામી ધરાવતી વ્યક્તિ કૅમ્પ પર આવે, તો પણ ફક્ત પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવે છે. જો હિંમતનગરની જિલ્લા સિવિલ હૉસ્પિટલમાં ઑડિયોલોજિસ્ટથી સજ્જ ઓડિયોમેટ્રિક રૂમ ઊભો કરવામાં આવે, તો આ સમસ્યાનું નિરાકરણ આવી શકે તેમ છે. અન્યથા, વિકલાંગ વ્યક્તિ તથા તેમની સંભાળ રાખનાર વ્યક્તિને અમદાવાદ સુધીના પરિવહનની ગોઠવણ કરી આપીને અથવા તો પ્રવાસ ભથ્થું પૂરું પાડીને ઑડિયોમેટ્રીની પ્રક્રિયા પૂર્ણ કરવી જરૂરી છે.

(૭) પ્રમાણન એ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમના અધિકારોનો લાભ અપાવવાની પ્રક્રિયાનું પ્રથમ પગલું છે. ત્યાર બાદ તેમણે પર્સન્સ

વિથ ડિસેબિલિટીઝ ઍક્ટ, ૧૯૯૫ અનુસાર ત્રણ ટકા અનામત હેઠળ રોજગારીની તકોની ખાસ સુવિધા, વિના મૂલ્યે બસ પાસ, સહાય અને સ્કૉલરશિપ મેળવવા માટે ઓળખ કાર્ડ મેળવવાની પ્રક્રિયા શરૂ કરવાની રહે છે. આ માટે તેમણે સોશ્યલ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા જારી કરવામાં આવતું ઓળખ કાર્ડ મેળવવાનું રહે છે, જે અલાયદી પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં તલાટી પાસેથી મેળવેલું આવકનું પ્રમાણપત્ર સુપરત કરવાનું રહે છે અને ત્યાર બાદ મામલતદારની કચેરીથી વીસ રૂપિયાના સ્ટૅમ્પ પેપર પર મૂળ દસ્તાવેજો સાથેની ખરાઈ, ફુલ બોડી (આખો) પોસ્ટકાર્ડ સાઇઝનો ફોટો અને બે સ્ટૅમ્પ સાઇઝ ફોટો સુપરત કરવાના રહે છે. આ યોજના રૂ. ૨.૫૦ લાખ કરતાં ઓછી વાર્ષિક આવક ધરાવનાર માટે લાગુ છે, પરંતુ ૨૦૦૭માં સરકારે ઠરાવ પસાર કર્યો હતો, જે મુજબ ગરીબીની રેખા હેઠળના (બીપીએલ) પરિવારોએ આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાની જરૂર નથી. જિલ્લા કક્ષાના અધિકારીઓને આ ઠરાવ અંગેની જાણકારી નથી તથા ઓળખ કાર્ડ મેળવવા માટેના ફૉર્મમાં પણ તે અંગેની સ્પષ્ટતા નથી. ગાંધીનગર ખાતે સોશ્યલ ડિફેન્સ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીઓ સાથેની ચર્ચા દરમિયાન આ પ્રશ્ન પ્રકાશમાં આવ્યો હતો.

(૮) વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર અને ઓળખ કાર્ડ - એમ બે પ્રકારના કાર્ડ મેળવવાની આ પ્રક્રિયા બિનજરૂરી છે અને એકસામટું જ સર્વિસ કાર્ડ મેળવવા માટે આ પ્રક્રિયાને સંયોજિત કરી દેવી જરૂરી છે. સ્વાભાવિક રીતે જ, સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય (મિનિસ્ટ્રી ઓફ સોશ્યલ જસ્ટિસ એન્ડ ઍમ્પાવરમેન્ટ - એમએસજેઇ) આ મામલે તથા વિવિધ રાજ્યોમાં વિકલાંગતા અંગેના પ્રમાણપત્રની માન્યતા સુનિશ્ચિત કરવા અંગે કામ કરી રહ્યું છે. આ અંગેની ડ્રાફ્ટ પૉલિસી, પ્રતિભાવ માટે મંત્રાલયની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવી છે.

(૯) જે વ્યક્તિઓને પ્રમાણપત્ર જારી ન કરવામાં આવ્યા હોય, અને જેમની વિકલાંગતાની સ્થિતિમાં સુધારો લાવવા માટે ખાસ સારવારની જરૂર હોય તેવી વ્યક્તિઓની સ્થિતિ અંગે પીએચસી/સીએચસી દ્વારા જાણકારી મેળવવામાં આવે તે જરૂરી છે. જે વ્યક્તિઓને સર્જરીની ભલામણ કરવામાં આવી હોય, તેમની સ્થિતિ અંગે પણ જાણકારી મેળવવી તથા જરૂરી મદદ પૂરી પાડવી જરૂરી છે. (જેમ કે, તાજેતરમાં યોજાયેલા કેમ્પમાં ઑપ્થેમોલોજિસ્ટે એક દર્દીને શામળાજી જનરલ હૉસ્પિટલ ખાતે સર્જરી કરાવવાનું જણાવ્યું હતું અને ડૉક્ટરનું નામ પણ જણાવ્યું હતું તથા ત્યાંના તેમના મિત્ર એવા ઑપ્થેમોલોજિસ્ટના સંપર્કની વિગતો પણ આપી હતી).

(૧૦) કૅમ્પ ખાતે હાજર સ્પેશ્યાલિસ્ટ કૅમ્પના દિવસે ફક્ત એક સમયે જ ઓપીડી હાથ ધરે તેવી ગોઠવણ હોવી જોઈએ, જેથી તેઓ કૅમ્પ પર પૂરતું ધ્યાન આપી શકે. આ ઉપરાંત વિકલાંગતાને લગતા સામાજિક પ્રશ્નો વિશે પણ તેમને માહિતગાર કરવામાં આવે તે જરૂરી છે. કૅમ્પ ખાતે ડૉક્ટરો દ્વારા અપાતી સેવા તથા વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર જારી કરવાની કામગીરીને પણ ડૉક્ટરોના કાર્ય દેખાવ (પર્ફોર્મન્સ) માટેના માપદંડ તરીકે સામેલ કરવી જોઈએ.

(૧૧) હાલની વ્યવસ્થા પ્રમાણે, વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર મેળવી લીધા બાદ, વ્યક્તિએ ઓળખ કાર્ડ મેળવવા માટે જિલ્લા સ્તરની સોશ્યલ ડિફેન્સ ઑફિસ પર જવું પડે છે (સાબરકાંઠાના સોશ્યલ ડિફેન્સ ઑફિસરે ઓળખ કાર્ડ જારી કરવા માટે અધિકારીને તાલુકા ઑફિસ કે પીએચસી ખાતે મોકલવાની સંમતિ દર્શાવી છે). આદર્શ સ્થિતિ જોતાં, જો વિકલાંગતા અંગેના પ્રમાણપત્ર અને ઓળખ કાર્ડ મેળવવા માટે લાવવાના રહેતા જરૂરી દસ્તાવેજો અંગે પૂરતી જાગૃતિ ફેલાવવામાં આવે, તો આ કામગીરી કૅમ્પ ખાતે જ સંપન્ન થવી જોઈએ. ઓળખ કાર્ડ માટે ફુલ બોડી (વ્યક્તિનો આખો ફોટો) ફોટોગ્રાફ જરૂરી છે, તે પાછળનું કારણ - ફોટામાં વિકલાંગતા જોઈ શકાય - એવું હોઈ શકે છે. જોકે, ઘણી વિકલાંગતાઓ સ્પષ્ટ રીતે નજરે ચઢતી હોતી નથી, તેથી ફુલ બોડી ફોટોગ્રાફની જરૂરિયાત દૂર કરી શકાય. વિકલાંગતા અંગેના પ્રમાણપત્રમાં પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ પ્રમાણભૂતતા માટે પૂરતો સ્વીકાર્ય છે. સોશ્યલ જસ્ટિસ એન્ડ ઍમ્પાવરમેન્ટ ડિપાર્ટમેન્ટ (સામાજિક ન્યાય તથા સશક્તિકરણ વિભાગ) આ મામલે વિચારણા કરી શકે છે. કૅમ્પ ખાતે જ ફોટોગ્રાફ લેવા માટે વેબ-કેમનો ઉપયોગ કરવામાં આવે તે વધુ યોગ્ય બની રહે છે, કારણ કે તેમ કરવાથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિને વિવિધ સાઇઝના ફોટા મેળવવાની ઝંઝટમાંથી મુક્તિ મળી જશે.

(૧૨) જે-તે પ્રદેશમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ઓળખ કરવાની તથા તેમને પ્રમાણિત કરવાની પ્રક્રિયા માટે આરોગ્ય ખાતું - કલેક્ટર, ડીડીઓ, સીડીએચઓ, સિવિલ હૉસ્પિટલ, તાલુકા આરોગ્ય અધિકારી, પીએચસી/સીએચસી, એફએચડબલ્યુ/આશા કાર્યકર્તાઓ, સંજીવની સમિતિ અને રોગી કલ્યાણ સમિતિ, બીઆરસી/ સીઆરસી, પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો, આચાર્યો અને શાળા વ્યવસ્થાપન સમિતિઓ (સ્કૂલ મેનેજમેન્ટ કમિટિઝ), પંચાયતો અને તેની વિવિધ સમિતિઓ, આંગણવાડી કાર્યકર્તાઓ, નાગરિક આગેવાનો અને સ્વૈચ્છિક સંસ્થાઓ, એસએસએ હેઠળ સંસાધન શિક્ષકો, સામાજિક સંરક્ષણ વિભાગ વચ્ચે સમગ્રતયા સહનિર્દેશન સર્જાય તે જરૂરી છે. (ડીડીઓએ તાલુકા કક્ષાએ પ્રાથમિક સ્તરે સેવા પૂરી પાડનારાઓ, ખાસ કરીને આંગણવાડી કાર્યકરો અને આશા કાર્યકરો માટે વિકલાંગતાની પ્રારંભિક ઓળખ અંગે તાલીમ હાથ ધરવાની સંમતિ દર્શાવી છે.)

# દક્ષિણ એશિયામાં ભ્રષ્ટાચાર સામે લડતઃ ઉત્તરદાયિત્વ ઊભું કરવું

'ટ્રાન્સ્પરન્સી ઇન્ટરનેશનલ'ના અહેવાલનો આ સંક્ષેપ ઉન્નતિનાં **સુશ્રી સ્વપ્ની શાહ** દ્વારા તૈયાર કરાયો છે. 'ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ' એ ભ્રષ્ટાચાર સામેની લડતની આગેવાની કરતા નાગરિક-સમાજ સંગઠનોનું વૈશ્વિક જોડાણ છે. તે વિશ્વભરમાં ૧૦૦ કરતાં વધારે સભ્ય સંગઠનો ધરાવે છે અને તેનું આંતરરાષ્ટ્રીય વડું મથક બર્લિન ખાતે આવેલું છે. તે ભ્રષ્ટાચારની વિપરીત અસરો અંગે જાગૃતિ ફેલાવે છે અને ભ્રષ્ટાચાર દૂર કરવા માટે અસરકારક પગલાંઓ વિકસાવવા અને તેનો અમલ કરવા માટે સરકાર, વ્યવસાયિક ક્ષેત્ર અને નાગરિક-સમાજ સંગઠનોની ભાગીદારી સાથે કામ કરે છે.

છેલ્લાં વીસ વર્ષમાં દક્ષિણ એશિયાએ સાતત્યપૂર્ણ આર્થિક વિકાસ સાધ્યો છે તથા ગરીબીનો દર ઘટ્યો  છે, પણ તેની સામે ભ્રષ્ટાચારનું પ્રમાણ વધ્યું છે. 'ટ્રાન્સ્પરન્સી ઇન્ટરનેશનલ'ના ગ્લોબલ કરપ્શન બેરોમીટર ૨૦૧૩ અનુસાર, નાગરિકોના મતે જાહેર ક્ષેત્રમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર એ ગંભીર સમસ્યા છે અને બે-તૃત્યાંશ લોકો માને છે કે છેલ્લાં બે વર્ષમાં દેશમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ વધ્યું છે.  ફક્ત ૨૦ ટકા લોકોને ભ્રષ્ટાચાર વિરુદ્ધ સરકારે ભરેલાં પગલાં અસરકારક જણાય છે (જ્યારે ૨૦૧૧માં આ પ્રમાણ ૩૯ ટકા હતું). પોલીસ અને રાષ્ટ્રીય સંસદ કરતાં પણ રાજકીય પક્ષોને સૌથી વધુ ભ્રષ્ટ ગણવામાં આવે છે. વિશ્વ બૅન્કના વર્લ્ડવાઇડ ગવર્નન્સ ઇન્ડિકેટર્સ  અનુસાર - અવાજ અને જવાબદારીનું સ્તર (દેશના નાગરિકો કેટલે અંશે લોકશાહી પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે અને કેટલે અંશે પોતાનો મત વ્યક્ત કરી શકે છે) ૧૯૯૬થી તમામ છ દેશોમાં નીચું ગયું છે. નાગરિકોના રોજિંદા જીવન પર અસર ઉપજાવતા નિર્ણયો લેવામાં નાગરિકો, સહાયક ભૂમિકા ભજવી શકે તે માટે તેમને સશક્ત બનાવવા પ્રત્યે સરકારનું વલણ ઉદાસીન રહ્યું છે.

કાયદાનું પાલન કરવામાં રાજકીય ઈચ્છાશક્તિના અભાવને પગલે ભ્રષ્ટાચારને ડામવાનાં સરકારનાં પગલાં બિનઅસરકારક પુરવાર થયાં છે. બાંગ્લાદેશ, ભારત, માલદિવ્ઝ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકા - એ છ દેશોમાં ભ્રષ્ટાચાર-વિરોધી કામગીરી કરતી ૭૦ સંસ્થાઓની આકારણી કરવામાં આવતાં, તેમાંની એક પણ સંસ્થા ભ્રષ્ટાચારના જોખમથી મુક્ત નહોતી. આ અહેવાલ ન્યાય તંત્ર અને ભ્રષ્ટાચાર-વિરોધી સંસ્થાઓ પર ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડતના મહત્ત્વના કર્તાઓ તરીકે ભાર મૂકે છે. તે દરેક દેશના સમાન પડકારોને ઉજાગર કરે છે અને દક્ષિણ એશિયાના દેશોની સરકારો સામે સ્પષ્ટ પ્રાથમિકતાઓ રજૂ કરે છે. આ અહેવાલનાં ચાવીરૂપ તારણો આ પ્રમાણે છેઃ

૧. સરકારને ઉત્તરદાયી બનાવવા માટે, સરકાર કેવી રીતે કામ કરી રહી છે તેની માહિતી મેળવવા માટે નાગરિકો અસમર્થ છે.

૨. વ્હિસલ બ્લોઅર્સના અર્થપૂર્ણ રક્ષણનો અભાવનો અર્થ એ થાય કે, ખોટાં કૃત્યો કરતાં સત્તાધિશો પકડાઈ જાય એવી શક્યતા ઘણી જ ઓછી છે.

૩. ભ્રષ્ટાચાર-વિરોધી સંસ્થાઓની મહત્ત્વની કામગીરીઓમાં રાજકીય હસ્તક્ષેપ કરવામાં આવે છે તથા સરકાર પર નજર રાખવાની કામગીરીમાં ન્યાયતંત્ર તેમને બિનઅસરકારક બનાવે છે.

૪. કેટલાક કાયદાઓ આંતરરાષ્ટ્રીય માપદંડો સાથે સુસંગત નથી, જ્યારે અન્ય કાયદાઓ યોગ્ય રીતે લાગુ કરવામાં આવતા નથી. પરિણામે, ભ્રષ્ટાચાર તથા અન્ય ગુનાઓની અસરકારક તપાસ થતી નથી તથા તેની કડક સજા પણ થતી નથી. તેના કારણે ભ્રષ્ટ લોકો પોતાના અંગત લાભ માટે જનતાના ખર્ચે પોતાની સત્તાનો દુરુપયોગ કરે છે.

ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડતમાં છેલ્લાં દસ વર્ષમાં હકારાત્મક પરિવર્તન જોવા મળ્યું છે. તમામ છ દેશોએ ભ્રષ્ટાચાર વિરુદ્ધના યુએન કન્વેન્શનનું સમર્થન કર્યું છે. પ્રતિબદ્ધતાઓને અર્થપૂર્ણ કામગીરીમાં પરિવર્તિત કરવા માટેના પ્રયત્નો હાથ ધરવા જરૂરી છે. આ અંગેની સ્થિતિ અને ચાવીરૂપ ભલામણો નીચે પ્રમાણે છેઃ

માહિતી મેળવવાનો અધિકાર - રાઇટ ટુ ઇન્ફર્મેશન (આરટીઆઇ - માહિતીનો અધિકાર)નો કાયદો બાંગ્લાદેશ, ભારત તથા નેપાળમાં પ્રવર્તમાન છે તથા તાજેતરમાં જ તે માલદિવ્ઝમાં પણ લાગુ કરવામાં આવ્યો છે. ઘણી વખત સરકાર તથા અન્યો દ્વારા કાયદાનો પ્રચાર-

પ્રસાર કરવાની પ્રતિબદ્ધતાના અભાવને કારણે ઘણી વખત નાગરિકોને તેમના માહિતીના અધિકાર અંગે જાણ હોતી નથી. માહિતી પૂરી પાડવા માટેની નાગરિકોની વિનંતીઓને સરકારી કચેરીઓમાં અસરકારક તથા પદ્ધતિસર પ્રતિભાવ મળતો નથી. જેમ કે, બાંગ્લાદેશમાં ચુસ્ત આરટીઆઇ કાયદો અસ્તિત્વમાં હોવા છતાં, એક સર્વેના આધારે માલૂમ પડ્યું હતું કે જાહેર સત્તાતંત્ર પાસેથી માહિતી મેળવવામાં ૨૯ ટકા નાગરિકોએ પરેશાનીઓનો સામનો કરવો પડ્યો હતો તથા આઠ ટકા નાગરિકોએ વધારાનાં નાણાં ચૂકવવા પડ્યાં હતાં.

શ્રીલંકા અને પાકિસ્તાને તાકીદના ધોરણે ચુસ્ત આરટીઆઇ કાયદો પસાર કરવો જોઈએ, જ્યારે અન્ય દેશોએ વર્તમાન કાયદાઓને નબળા બનાવવાના પ્રયાસોને ઉગ્રતાથી પડકારવા જોઈએ. તમામ સરકારોએ માહિતી પૂરી પાડવાની તેમની ક્ષમતામાં વધારો કરીને તેમ જ આ મૂળભૂત અધિકારનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે જનતાને શિક્ષણ પૂરું પાડીને માહિતીના અધિકારનો સક્રિયપણે પ્રસાર કરવો જોઈએ.

વ્હિસલ બ્લોઅર્સ - બાંગ્લાદેશ તથા ભારત ૨૦૧૪ના પ્રારંભથી વ્હિસલ બ્લોઅરના રક્ષણનો કાયદો ધરાવે છે. તેમ છતાં, આ કાયદાના અમલમાં નહિવત્ પ્રગતિ થઈ છે અને સંભવિત વપરાશકર્તાઓમાં આ ક્ષેત્રે સદંતર અજ્ઞાન પ્રવર્તે છે. આ ઉપરાંત, ભારતીય કાયદામાં આંતરરાષ્ટ્રીય માપદંડોનો પણ અભાવ વર્તાય છે. અધિનિયમનો અમલ કરવાની જવાબદારી ધરાવતા વિભાગ પાસે પૂરતી સત્તાઓ નથી તથા ફરિયાદોની તપાસ કરવાનો અને સજા ફટકારવાનો રેકોર્ડ ઘણો નબળો રહ્યો છે. બાંગ્લાદેશ તથા ભારતે - તેમના વ્હિસલ બ્લોઅર કાયદાનો સક્રિયપણે પ્રચાર-પ્રસાર કરવામાં આવે તથા અસરકારક રીતે અમલ કરવામાં આવે - તે સુનિશ્ચિત કરવું જોઈએ. માલદિવ્ઝ, નેપાળ, પાકિસ્તાન તથા શ્રીલંકાએ વ્હિસલ બ્લોઅરના રક્ષણ માટેનો સમાવેશક કાયદો વિકસાવવો જોઈએ.

ભ્રષ્ટાચાર વિરોધી એકમો - ભારત અને નેપાળનાં ભ્રષ્ટાચાર-વિરોધી એકમો તેમ જ શ્રીલંકાના ભ્રષ્ટાચાર-વિરોધી વિભાગો તથા બાંગ્લાદેશનું ન્યાય તંત્ર, રાજકીય હેતુઓ પાર પાડવા માટે કેસની પસંદગી કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવે છે. ભ્રષ્ટાચાર વિરુદ્ધ કાર્યવાહી કરવાની આ સ્વતંત્ર એકમોની સત્તાઓ પર રાજકીય દરમિયાનગીરી દ્વારા વારંવાર નિયંત્રણો લાદવામાં આવે છે. તેને કારણે અથવા તો સિનિયર સ્ટાફની ઑફિસમાં થતી સતત નિમણૂક અને બદલીઓને કારણે આ એકમોની અસરકારકતાને હાનિ પહોંચી છે. જાકાર્તા પ્રિન્સિપલ્સ, 'મર્રાકેશ ડિક્લેરેશન' અને ન્યાય તંત્રની સ્વતંત્રતા વિશેના યુએનના મૂળભૂત સિદ્ધાન્તોનું અસ્તિત્વ હોવા છતાં પણ આ પ્રવાહ પ્રવર્તે છે. માલદિવ્ઝ તથા શ્રીલંકાએ તેમનાં એન્ટિ-કરપ્શન એકમોને આગોતરી સરકારી મંજૂરી લીધા વિના પોતાની મેળે ભ્રષ્ટાચારની તપાસ કરવાની તથા ફરિયાદ કરવાની સત્તાઓ પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. આ દેશોની સરકારોએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે એન્ટિ-કરપ્શન એકમો તથા ન્યાય તંત્રમાં નિમણૂક, બદલી તથા છટણી કરવાના નિર્ણયો સ્વતંત્ર એકમ દ્વારા લેવાય. સાથે જ આ મહત્ત્વનાં એકમો જે સંસ્થાઓની દેખરેખ રાખતા હોય, તે સંસ્થાઓથી પ્રભાવિત ન થાય તે પણ સુનિશ્ચિત કરવું જોઈએ.

## દક્ષિણ એશિયામાં ઉત્તરદાયિત્વનું વાતાવરણ સર્જવું

૨૦૦૭માં પાકિસ્તાનના એન્ટિ-કરપ્શન એકમ દ્વારા વ્યાપક નાણાકીય છેતરપિંડીનો પર્દાફાશ કરવામાં આવ્યો તથા ભારતની સુપ્રીમ કૉર્ટે દેશના ચૂંટણી પંચને ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારોના ગુનાના રૅકોર્ડ્ઝ જાહેર જનતા માટે પ્રાપ્ય બનાવવાનો આદેશ આપ્યો, તે આ દેશોમાં મજબૂત ભ્રષ્ટાચાર-વિરોધી એકમો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીનાં ઉદાહરણો છે. આ પ્રકારની રાજકીય ઈચ્છાશક્તિ માટે નીચલા સ્તરેથી પ્રબળ દબાણ ઊભું થાય તે જરૂરી છે. તેથી જ નાગરિક સમાજ, માધ્યમો અને રાજકીય પક્ષો, સમગ્ર સમાજમાં ઉત્તરદાયિત્વનું વાતાવરણ સર્જવામાં સક્રિય ભૂમિકા ભજવે છે. નાગરિક સમાજ તથા માધ્યમો પોતાની વાત રજૂ કરી શકે તે માટે તેમને પૂરતો અવકાશ અને સલામતી મળી રહે તે સુનિશ્ચિત કરવું જોઈએ. વળી, રાજકીય પક્ષોએ એ સુનિ ચિત કરવું જોઈએ કે તેઓ જે નાગરિકોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે, તેમના પ્રત્યે તેઓ જવાબદાર છે અને લોકશાહી પ્રક્રિયા દ્વારા લોકોની ઈચ્છાશક્તિને અસરકારક રીતે સાંકળવા માટે સક્ષમ છે.

સંદર્ભઃ


1. "South Asia Overview", World Bank (web), accessed 28 March 2014.
2. Transparency International, Global Corruption Barometer 2013, (Berlin: Transparency International, 2013).
3. Jakarta Statement on Principles for Anti-Corruption Agencies", Jakarta, 26-27 November 2012
4. "Marrakech Declaration", The Fifth Annual Conference and General Meeting of the International Association of Anti-Corruption Agencies, Marrakech, Morocco, 22-23 October 2011
5. "Basic Principles on the Independence of the Judiciary", adopted by the Seventh United Nations Congress on the Prevention of Crime and the Treatment of Offenders, Milan , 26 August - 6 September 1985

# રાઇટ ટુ ઍજ્યુકેશન ઍક્ટ (શિક્ષણના અધિકારનો અધિનિયમ), ૨૦૦૯ના અમલીકરણની સ્થિતિઃ સંક્ષિપ્ત અહેવાલ

'રાઇટ ઑફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી ઍજ્યુકેશન ઍક્ટ (બાળકોને વિના મૂલ્યે તથા ફરજિયાત શિક્ષણના અધિકારનો અધિનિયમ), ૨૦૦૯ના અમલીકરણના ત્રીજા વર્ષે આ અધિનિયમની સ્થિતિ (૨૦૧૨-૧૩)', એ શીર્ષક હેઠળ રાઇટ ટુ ઍજ્યુકેશન ફોરમ દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલનો આ સંક્ષેપ છે. આ ટૂંકો અહેવાલ, 'ઉન્નતિ'નાં **સુશ્રી આરતી જી.**, ઇન્ડિયા ફેલો દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

રાઇટ ટુ ઍજ્યુકેશન (આરટીઇ) ફોરમ એ રાષ્ટ્રીય શૈક્ષણિક નેટવર્ક, શિક્ષક સંગઠનો અને કેળવણીકારોનો સમૂહ છે તેમાં આશરે ૧૦,૦૦૦ સંગઠનો જોડાયેલાં છે. આરટીઇ ફોરમનો ઉદ્દેશ્ય શિક્ષણ વ્યવસ્થામાં પદ્ધતિસરની સુધારણા લાવવાનો છે. તેમના વર્તમાન અહેવાલમાં આરટીઇ ઍક્ટ, ૨૦૦૯ના અમલીકરણ સાથે સંકળાયેલા જુદા-જુદા પ્રશ્નો પર ભાર મૂકવામાં આવ્યો છે.

આરટીઇ ફોરમના જણાવ્યા પ્રમાણે હજી પણ આશરે ૮૦ લાખ બાળકો શાળાનાં શિક્ષણથી વંચિત છે. શાળામાં કદી પણ દાખલ ન થનારાં આ બાળકો બાળ મજૂરો, વિચરતા સમુદાયનાં બાળકો, સ્થળાંતરિત બાળકો, સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં રહેનારાં બાળકો અને વિકલાંગતા ધરાવનારાં બાળકો જેવા સીમાંત અને વંચિત બાળકો છે. અહેવાલ અનુસાર બાળકોના આ વર્ગ માટે વધુ સઘન પ્રયત્નો કરવા જરૂરી છે. આ અસમાનતાઓને દૂર કરવામાં અને તમામ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવામાં કેન્દ્ર અને રાજ્ય સરકારની ભૂમિકા અંગે પણ આ અહેવાલમાં ચર્ચા કરવામાં આવી છે. અહેવાલમાં નીતિ અંગેની ભલામણોમાં ખાનગી શાળાઓમાં નિયમોના પાલન, સામાજિક સમાવેશકતા, સ્કૂલ મેનેજમેન્ટ કમિટી (એસએમસી)ની ભૂમિકા, શિક્ષકોની ગુણવત્તા અને શાળાની માળખાકીય સુવિધા પર ભાર મૂકાયો છે.

ઉપરોક્ત અભ્યાસ, ગુજરાત અને રાજસ્થાન સહિતનાં ૧૭ રાજ્યોની કુલ ૨૧૯૧ શાળાઓ (સરકારી શાળાઓ, ખાનગી સહાય ધરાવતી શાળાઓ, ફક્ત ખાનગી શાળાઓ)માં હાથ ધરવામાં આવ્યો હતો. તાલીમ પામેલા સ્વયંસેવકો દ્વારા એકત્રિત કરવામાં આવેલી પ્રાથમિક અને ગૌણ માહિતીના આધારે તથા ખાસ રીતે તૈયાર કરવામાં આવેલા પરિશિષ્ટ અનુસાર આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

આ લેખ રાજસ્થાન અને ગુજરાતમાં આરટીઇના અમલીકરણની સ્થિતિ દર્શાવે છેઃ

### ૧. પ્રાથમિક શિક્ષણની પ્રાપ્યતા

**ઉપયોગમાં લેવાયેલા સૂચકાંકોઃ**

- સ્થળાંતરિત, વિચરતાં અને વિકલાંગતા ધરાવનારાં બાળકોનું આકલન. સ્થળાંતરિત તથા વિચરતા સમુદાયનાં બાળકોને શિક્ષણ આપવા માટે આવાસીય (રેસિડેન્શિયલ) શાળા જેવી ખાસ સુવિધાઓનું ચલણ.
- પ્રાથમિક શાળાઓ માટે ૨૦૦ દિવસ અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓ માટે ૨૨૦ દિવસ શાળા કાર્યરત.
- એક કિમીના અંતરમાં એક પ્રાથમિક શાળા અને ૩ કિમીની અંદરના અંતરમાં એક ઉચ્ચ પ્રાથમિક શાળા.

**મહત્ત્વનાં તારણોઃ**

- ૪૧ ટકા શાળાઓમાં સ્થળાંતરિત બાળકોને સામેલ કરાયાં ન હતાં.
- ફક્ત ૩.૭ ટકા શાળાઓએ વિચરતાં બાળકોને સામેલ કર્યાં હતાં. ૨૪.૭ ટકા શાળાઓએ વિકલાંગતા ધરાવતાં બાળકોનું આકલન કર્યું હતું.
- ફક્ત ૦.૮ ટકા શાળાઓ આવાસીય (રેસિડેન્શિયલ) સુવિધા ધરાવતી હતી.
- ૨૫ ટકા શાળાઓ બાળકો પર નજર રાખતી નહોતી.
- સર્વે હેઠળની ૧૫ ટકા શાળાઓ નિર્દિષ્ટ દિવસો કરતાં ઓછું કામ કરતી હતી.
- ઘણી શાળાઓને કાર્યરત શાળા ગણાવવા માટે જ ખોલવામાં-બંધ કરવામાં આવતી હતી.

ગુજરાતમાં ૯૦ ટકા પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓ અનુક્રમે એક કિમી અને ત્રણ કિમીની અંદરના અંતરમાં આવેલી હતી. વળી, ગુજરાતમાં ૯૦ ટકા કરતાં વધારે શાળાઓ શાળાની ઇમારત અંગેના નિયમોનું સૂચકાંકોમાં આપેલાં ધોરણો અનુસાર પાલન કરતી હતી.

### ૨. માળખાકીય સુવિધાની ગુણવત્તા

**ઉપયોગમાં લેવાયેલા સૂચકાંકોઃ**

શાળાની ઇમારત પાકી, આંશિક પાકી છે અને શાળાની દીવાલ ધરાવે છે.

## આરટીઇ અધિનિયમની લાક્ષણિકતાઓ

- ભારતમાં ૬થી ૧૪ વર્ષની વયજૂથનાં તમામ બાળકોને વિના મૂલ્યે તથા ફરજિયાત શિક્ષણ.
- બાળક, પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૮ સુધીનું શિક્ષણ) પૂરું ન કરે, ત્યાં સુધી તેણે બૉર્ડની પરીક્ષા પાસ કરવી જરૂરી નથી, ઉપરાંત ત્યાં સુધી કોઈ પણ બાળકને ભણતું અટકાવવામાં ન આવી શકે તથા શાળાએથી કાઢી મૂકી શકે નહિ.
- જો છ વર્ષ કરતાં વધુ વયના બાળકને કોઈ પણ શાળામાં દાખલ કરવામાં ન આવ્યું હોય, અથવા તો તેને દાખલ કરવામાં આવ્યું હોય, પરંતુ તે તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરી શક્યું હોય, તો તે બાળકને તેની વયને અનુરૂપ વર્ગમાં દાખલ કરવામાં આવશે, તે માટે, તે બાળકને નિર્દિષ્ટ રીતે નિશ્ચિત સમય મર્યાદાની અંદર ખાસ તાલીમ મેળવવાનો અધિકાર છે. આ રીતે પ્રાથમિક શિક્ષણ માટે દાખલ કરવામાં આવેલું બાળક ચૌદ વર્ષની વય પૂરી કર્યા બાદ પણ પ્રાથમિક શિક્ષણ પૂરું ન થાય ત્યાં સુધી વિના મૂલ્યે શિક્ષણ મેળવવા હકદાર રહેશે.
- પ્રાથમિક શિક્ષણ માટે બાળકને દાખલ કરવા માટે તેની વય, બર્થ, ડેથ એન્ડ મેરેજિસ રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૫૯ને અનુરૂપ જારી કરવામાં આવેલા જન્મના પ્રમાણપત્રના આધારે અથવા તો નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના આ પ્રકારના અન્ય દસ્તાવેજના આધારે નક્કી કરવામાં આવશે. વયના પુરાવાના અભાવના કારણે કોઈ પણ બાળકને શાળામાં પ્રવેશથી વંચિત રાખી શકાશે નહીં.
- પ્રાથમિક શિક્ષણ પૂરું કરનારા બાળકને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- વિદ્યાર્થી - શિક્ષકના નિશ્ચિત પ્રમાણ (રેશિયો)ની માગણી.
- આર્થિક રીતે પછાત હોય તેવા સમુદાયોનાં બાળકોને તમામ ખાનગી શાળાઓમાં વર્ગ એકમાં પ્રવેશ માટે ૨૫ ટકા અનામતની જોગવાઈ.
- શિક્ષણની ગુણવત્તામાં સુધારાનો આદેશ.
- શાળાના શિક્ષકો પાસે પાંચ વર્ષની અંદર પૂરતી વ્યવસાયિક ડિગ્રી હોવી જરૂરી, અન્યથા તેઓ નોકરી ગુમાવશે.
- શાળાની માળખાકીય સુવિધા (જો સમસ્યારૂપ હોય, તો) ત્રણ વર્ષની અંદર સુધારવી, અન્યથા શાળાની માન્યતા રદ થશે.
- નાણાકીય ખર્ચ રાજ્ય અને કેન્દ્ર સરકાર - બંનેએ ભોગવવાનો રહેશે.

- પૂરતા વર્ગખંડો
- શિક્ષકો માટેનો કોમન રૂમ
- શીખવવા માટેની જરૂરી સામગ્રીની પ્રાપ્યતા (બ્લૅક બૉર્ડ)
- રમતનું મેદાન અને સામગ્રીઓ
- પુસ્તકાલય
- રસોડું - જે રસોઈ બને, તેની યાદી દર્શાવવી, રસોઈ બનાવવાનો ઓરડો
- પીવાનું સ્વચ્છ પાણી
- છોકરીઓ - છોકરાઓ માટે જુદાં-જુદાં શૌચાલય
- વિકલાંગતા ધરાવતાં બાળકો માટે અલાયદું શૌચાલય
- સીડી ચઢવા-ઊતરવા માટે હાથ વતી પકડવાનો કઠેડો સાથેનો ઢોળાવવાળો માર્ગ

**મહત્ત્વનાં તારણો:**

- ૭૭ ટકા શાળાઓ તેમની શાળાઓના સ્થળ અંગેનાં ધોરણોને અનુરૂપ હતી.
- ૭૯ ટકા શાળાઓ દરેક ઋતુના હવામાનને અનુકૂળ ઇમારતો ધરાવતી હતી.
- ફક્ત ૫૦ ટકા શાળાઓ જ શાળાની દીવાલ ધરાવતી હતી.
- પાંચ ટકા શાળાઓ ફક્ત એક વર્ગખંડ ધરાવતી હતી.
- ફક્ત એક તૃત્યાંશ શાળાઓ શિક્ષકો માટે કોમન રૂમ ધરાવતી હતી.
- સાત ટકા શાળાઓ પાસે યોગ્ય બ્લૅક બૉર્ડ નહોતું.
- ૪૦ ટકા શાળાઓમાં રમતનું મેદાન નહોતું અને ૫૫ ટકા શાળાઓમાં પુસ્તકાલય હતું.
- ૭૭.૮ ટકા શાળાઓ પીવાનાં સ્વચ્છ પાણીની સુવિધા ધરાવતી હતી.
- આરટીઇ ઍક્ટમાં જણાવ્યા પ્રમાણેનું રસોડું ફક્ત ૬૮.૮ ટકા શાળાઓ પાસે જ હતું.
- ફક્ત ૯.૨ ટકા શાળાઓમાં વિકલાંગતા ધરાવતાં બાળકો માટે અલાયદાં શૌચાલયો હતાં અને ૪૦ ટકા શાળાઓ સીડી ચઢવા-ઊતરવા માટે પકડવાનો કઠેડો સાથેનો ઢોળાવ ધરાવતી હતી.

### ૩. શિક્ષકો અને આરટીઇ

**ઉપયોગમાં લેવાયેલા સૂચકાંકો:**

- ભરતી કરાયેલા શિક્ષકો સામે સહાયક શિક્ષકો અને શિક્ષકો, પેટા કરાર / પ્રૉક્સી શિક્ષક
- વિદ્યાર્થી અને શિક્ષકના રેશિયો (પીટીઆર)નાં ધોરણોનો અમલ

- ગુજરાતમાં ૭૫ ટકા કરતાં વધારે શાળાઓમાં છોકરીઓ માટે અલાયદાં શૌચાલયની સુવિધા હતી, જ્યારે રાજસ્થાનની ફક્ત ૩૨ ટકા શાળાઓમાં જ આ સુવિધા હતી.
- ગુજરાતની ૮૦ ટકા શાળાઓ મધ્યાહન ભોજનનું મેનૂ (ભોજનની યાદી) દર્શાવતી હતી.
- રાજસ્થાનની એક તૃત્યાંશ શાળાઓ કોઈ પણ ઋતુ સામે ટકી શકે તેવી ઈમારતો ધરાવતી નહોતી તથા એક ચતુર્થાંશ અને તેથી વધુ શાળાઓમાં રસોડાની સુવિધા નહોતી.

- વિષય અને ભાષાના અલાયદા શિક્ષકોની સ્થિતિ / વિકલાંગતા ધરાવતા બાળકો માટે વિશિષ્ટ તાલીમકર્તા
- શિક્ષકોને ફાળવવામાં આવેલી બિન-શૈક્ષણિક પ્રવૃત્તિઓ
- શાળાએ પહોંચવા માટે શિક્ષકોએ કાપવું પડતું અંતર
- ઇન-સર્વિસ તાલીમ

**મહત્ત્વનાં તારણો:**

- પ્રત્યેક દસ શિક્ષકો પૈકીના એક શિક્ષક પેરા-ટીચર હોવાનું માલૂમ પડ્યું હતું.
- ૫૬.૬ ટકા શાળાઓ પીટીઆરનાં ધોરણોનું પાલન કરતી હતી.
- ફક્ત ૩૫ ટકા શાળાઓ અલાયદા વિષય-શિક્ષક ધરાવવાના ધોરણનું પાલન કરતી જોવા મળી હતી.
- ૬૬ ટકા શાળાઓ વિકલાંગતા ધરાવતાં બાળકો માટે વિશિષ્ટ શિક્ષક ધરાવતી નહોતી.
- ૪૭ ટકા શિક્ષકો આરટીઇ ઍક્ટમાં નિર્દિષ્ટ પ્રવૃત્તિઓ સિવાયની અન્ય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા.
- ૫૭ ટકા શાળાઓમાં એકથી પાંચ શિક્ષકોએ તાલીમ મેળવી હતી.

## ૪. આરટીઇ સુનિશ્ચિત કરવામાં સમુદાયની ભાગીદારી

**ઉપયોગમાં લેવાયેલા સૂચકાંકો:**

- એસએમસી ધરાવતી શાળાઓ, લોકશાહી અને સામાજિક ઘડતરનાં ધોરણોને વળગી રહેતી શાળાઓ
- એસએમસી દ્વારા કરવામાં આવતાં કાર્યો અને પંચાયતી રાજ સંસ્થાઓ કે શહેરી સ્થાનિક નિગમોની સામેલગીરી
- રાજ્યોમાં સમુદાયની ભાગીદારીની સ્થિતિ

**મહત્ત્વનાં તારણો:**

- ૭૯ ટકા શાળાઓ એસએમસી ધરાવે છે, પરંતુ ચૂંટણીની પ્રક્રિયા તેમ જ સભ્યોનું પ્રતિનિધિત્વ અધિનિયમનાં ધોરણો અનુસાર નહોતું.
- ૫૯ ટકા શાળાઓના વ્યવસ્થાપનમાં પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક નિગમોની સામેલગીરી જોવા મળી હતી.

- ગુજરાતની ૭૫ ટકા શાળાઓમાં પીટીઆરનું પાલન કરવામાં આવે છે.
- ગુજરાતની ૧૪ ટકા શાળાઓ વિશિષ્ટ શિક્ષકો ધરાવે છે.

## ૫. શિક્ષણમાં સામાજિક બહિષ્કાર

**ઉપયોગમાં લેવાયેલા સૂચકાંકો:**

- સ્પષ્ટ ભેદભાવ અને બહિષ્કાર
- ફરિયાદ નિવારણ વ્યવસ્થા
- વિકલાંગતા ધરાવતા બાળકોને સહાયક સાધનો અને પરિવહન માટેની જોગવાઈઓ

**મહત્ત્વનાં તારણો:**

- ૨૯.૨ ટકા શાળાઓમાં શિક્ષકો ફરિયાદનું નિવારણ કરતા હતા, આ ક્ષેત્રે એસએમસીની ટકાવારી બે ટકા, સ્થાનિક વહીવટી નિગમોની ટકાવારી ૦.૬ ટકા હતી.
- ફક્ત ૧૧.૬ ટકા શાળાઓ સહાયક ઉપકરણો ધરાવતી હતી અને ફક્ત ૩.૩ ટકા શાળાઓ વિકલાંગતા ધરાવતા બાળકો માટે પરિવહન પૂરું પાડતી હતી.

**આ અહેવાલમાં નીચેના પ્રશ્નો જાણવા મળ્યા હતા, જેનું નિરાકરણ લાવવું જરૂરી છેઃ**

**૧. પદ્ધતિસરની સજ્જતા**

અધિનિયમનો અમલ કરવામાં સરકારની સજ્જતાના અભાવ પર આ અહેવાલ પ્રકાશ પાડે છે. સરકાર એસએમસીની રચના માટે આદેશ જારી નથી કરતી તે આ વાતનું જ એક ઉદાહરણ છે. નિવાસી શાળાઓને અધિનિયમમાંથી બાકાત રાખવાથી તે શાળાનાં બાળકોને અન્યાય થવાની પૂરતી શક્યતા રહે છે. ઉપરાંત, વિકલાંગતા ધરાવનારાં બાળકોને ઘરે શાળાકીય શિક્ષણ પૂરું પાડવાનો અધિકાર આવાં બાળકોને મુખ્ય પ્રવાહ સાથે ભેળવવાના પ્રયાસને વધુ મુશ્કેલ બનાવે છે. આ અહેવાલમાં એ તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે બજેટની

- ગુજરાતની ૮૬ ટકા અને રાજસ્થાનની ૯૬ ટકા શાળાઓએ એસએમસીની રચના કરી છે.
- ગુજરાતની ફક્ત ૨૭ ટકા શાળાઓમાં ચૂંટણીના આધારે એસએમસીની રચના કરવામાં આવી હતી.
- ગુજરાતની ૮૨ ટકા શાળાઓમાં તથા રાજસ્થાનની ૮૫ ટકા શાળાઓમાં માન્ય ધોરણો અનુસાર સુયોગ્ય પ્રતિનિધિત્વ ધરાવતી એસએમસી કાર્યરત હતી.
- રાજસ્થાનની ૮૦ ટકા શાળાઓમાં એસએમસી દ્વારા સ્કૂલ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો અને ૭૯ ટકા શાળાઓ તેના પર દેખરેખ રાખી રહી હતી.

ફાળવણી વાસ્તવિક જરૂરિયાત અનુસાર નથી કરવામાં આવતી. પારદર્શિતા માટે નાગરિકો અને નાગરિક-સમાજ સંગઠનોની ભાગીદારીમાં સુધારો લાવવાની જરૂર છે. અંતમાં અહેવાલ સૂચવે છે કે ખાનગી ભાગીદારીના પ્રવેશને બદલે સરકારે સરકારી શાળાઓની સ્થિતિ તથા ગુણવત્તામાં સુધારો કરવા પર ધ્યાન આપવું જોઈએ.

**૨. આરટીઇ ધોરણ અનુસાર શાળાઓની પ્રાપ્યતા**

બારેમાસ યોગ્ય હોય તેવા શાળા સુધીના માર્ગોનો અભાવ, ગામડાંઓમાં નિર્દિષ્ટ અંતરની અંદર શાળાઓ ન હોવી (એક કિમીની અંદર પ્રાથમિક શાળા અને ત્રણ કિમીની અંદર ઉચ્ચ પ્રાથમિક શાળા) તથા શાળાએથી ઊઠી જતાં બાળકોના રૅકોર્ડની જાળવણીનો અભાવ વગેરે જેવા પ્રશ્નો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

**૩. સામુદાયિક સહભાગિતા અને એસએમસી**

કોઈ પણ રાજ્યની એસએમસી તેની રચનાના સંદર્ભમાં માર્ગદર્શિકાઓના અભાવની સમસ્યાનો સામનો કરે છે. વળી, તેમાં સમિતિના સભ્યોની યોગ્ય ચૂંટણી પણ નથી થતી કે યોગ્ય પ્રતિનિધિત્વ પણ નથી હોતું. શાળાના વિકાસના આયોજન (સ્કૂલ ડેવલપમેન્ટ પ્લાન)માં એસએમસીના સભ્યોની સામેલગીરીનો તથા તેમની ભૂમિકાઓ સંદર્ભેની તેમની જાગૃતિનો અભાવ જોવા મળતો હતો.

**૪. ગુણવત્તા**

નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક (એનસીએફ)ના સંદર્ભમાં પુસ્તકોની ગુણવત્તા અને એક કરતાં વધુ ધોરણના વર્ગો લેવા માટે શિક્ષકોને અપાતી તાલીમ તથા સ્થાનિક ભાષામાં શીખવવાની શિક્ષકોની ક્ષમતાને પણ મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ગણવામાં આવ્યા હતા.

**૫. સમાવેશકતા**

સમાવેશકતાના પ્રશ્નોમાં મુખ્યત્વે સમાજનાં વંચિત જૂથો પર ભાર મૂકવામાં આવે છે. અનુસૂચિત જનજાતિ (એસટી)નાં બાળકોમાં શાળાએથી ઊઠી જવાનું અત્યંત ઊંચું પ્રમાણ આવો જ એક પ્રશ્ન છે. આ ઉપરાંત, મુસ્લિમ સમુદાયનાં બાળકોના શાળા-પ્રવેશ પર પણ ધ્યાન આપવું જરૂરી છે. આ ઉપરાંત, વિકલાંગતા ધરાવતાં બાળકો માટે યોગ્ય પરિવહનની જોગવાઈનો પણ અભાવ જોવા મળ્યો હતો.

**૬. શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણ**

૨૫ ટકા અનામત પૂરી પાડવા સામેના અંતરાયને ટાળવા માટે સહાય વિના ચાલતી વિવિધ રાજ્યોની ખાનગી શાળાઓ દ્વારા સામૂહિક ધોરણે લઘુમતી દરજ્જા માટે અરજી (કારણ કે લઘુમતી શાળાઓને ૨૫ ટકા અનામતના ધોરણમાંથી બાકાત કરવામાં આવી છે) કરવામાં આવતી હોવાના અહેવાલો પણ મુખ્ય પ્રશ્ન છે.

**૭. શિક્ષકો**

શિક્ષકોની સંખ્યા તથા શિક્ષકોની ગુણવત્તા, લાયકાત એ સરકારી શાળાઓનો કાયમી પ્રશ્ન બની ગયો છે. ૯૯ ટકા શિક્ષકો 'સેન્ટ્રલ ટિચર એલિજિબિલિટી ટેસ્ટ' (સીટીઇટી)માં નપાસ થયા અને ઘણી શાળાઓમાં હજી પણ એક જ શિક્ષક છે - આ હકીકતો પરથી વાસ્તવિકતા જાણી શકાય છે.

### એસએમસીની રચના અને તેની ભૂમિકા

**રચના**

- ૭૫ ટકા એસએમસી સભ્યો માતા-પિતા હોવાં જોઈએ.
- બાકીના ૨૫ ટકા સભ્યો પૈકીના એક તૃત્યાંશ સભ્યો સ્થાનિક સત્તા તંત્રના ચૂંટાયેલા સભ્યો, એક તૃત્યાંશ શિક્ષકો અને એક તૃત્યાંશ સ્થાનિક કેળવણીકારો હોવા જોઈએ.
- જો તે વિસ્તારમાં કોઈ કેળવણીકાર ન હોય, તો એક વિદ્યાર્થીને તે સ્થાન આપવું જોઈએ.
- એસએમસી સભ્યોની કુલ સંખ્યાનો આધાર શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા પર રહે છે.

**ભૂમિકા તથા જવાબદારી**

- શાળાની કામગીરી પર દેખરેખ રાખવી.
- આસપાસનાં તમામ બાળકો શાળામાં પ્રવેશ મેળવે અને નિયમિતપણે હાજર રહે તે સુનિશ્ચિત કરવું.
- બાળકના અધિકારનો ભંગ થતો હોય, તેવા કિસ્સામાં સ્થાનિક સત્તા-તંત્રને તે અંગે જાણ કરવી, ખાસ કરીને બાળકની માનસિક અને શારીરિક પજવણીના કિસ્સામાં, પ્રવેશ આપવાના ઇનકારના કિસ્સામાં અને આ પ્રકારના અન્ય કિસ્સાઓમાં.
- વિકલાંગ બાળકોની ઓળખ નક્કી કરવી તથા તેમના પ્રવેશ પર અને ભણવા માટે તેમને આપવામાં આવતી સુવિધાઓ પર નજર રાખવી. આ બાળકોની સહભાગિતા તથા તેમનું પ્રાથમિક શિક્ષણ પૂરું થાય તે સુનિશ્ચિત કરવું.
- શાળામાં મધ્યાહ્ન ભોજનના અમલીકરણની દેખરેખ રાખવી. શાળાનાં ખર્ચ અને આવકનો વાર્ષિક હિસાબ તૈયાર કરવો.
- શાળા વિકાસ યોજના (સ્કૂલ ડેવલપમેન્ટ પ્લાન) તૈયાર કરવી તથા તેની ભલામણ કરવી.
- યોગ્ય સરકારી કે સ્થાનિક સત્તા-તંત્ર કે અન્ય કોઈ પણ સ્રોત દ્વારા મળેલી ગ્રાન્ટના વપરાશ પર દેખરેખ રાખવી.
- શિક્ષકો અધિનિયમમાં દર્શાવેલી ફરજો સિવાયની બિન-શૈક્ષણિક ફરજોના બોજા તળે દબાઈ નથી ગયા તેનું ધ્યાન રાખવું. બિન-શૈક્ષણિક ફરજોમાં દસ વર્ષીય વસતિ ગણતરી, સ્થાનિક સત્તા-તંત્રની ચૂંટણીઓ, વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ અને રાહત કાર્યોનો સમાવેશ થાય છે.

## ચાવીરૂપ ભલામણો

**આરટીઈ માટે પદ્ધતિસરની સજ્જતા**

- દેશની તમામ શાળાઓમાં માળખાકીય સુવિધાઓનું ધોરણ પૂર્ણપણે અનુસરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
- શાળાએથી ઊઠી જવાની (ડ્રોપ આઉટ) સાર્વત્રિક વ્યાખ્યા રજૂ કરવી.
- સત્તાવાર આંકડા અનુસાર શાળાકીય શિક્ષણથી વંચિત રહેનારાં ૨૭ લાખ બાળકો માટે ખાસ તાલીમ શરૂ કરવી. શાળાથી વંચિત રહેનારાં બાળકોનો વાસ્તવિક આંકડો હજી પણ ઊંચો હોઈ શકે છે.
- વહીવટી માળખાને આરટીઇ માળખા પ્રમાણે તૈયાર કરવાની કામગીરી હાથ ધરવી અને વિભાગોમાંના તમામ વહીવટી હોદ્દાઓ પર જરૂરી નિમણૂક કરવી.

**શિક્ષકો**

- એસએસએ અને સ્ટેટ ઍજ્યુકેશન ડિપાર્ટમેન્ટ (રાજ્ય શિક્ષણ વિભાગ) હેઠળ ૧૨ લાખ શિક્ષકોની વર્તમાન ખાલી જગ્યાઓ ભરવી.
- શિક્ષિકાઓ (મહિલા શિક્ષકો)ની ભરતી તથા વંચિત સમુદાયોમાંથી ભરતીને પ્રાથમિકતા આપવી.
- વર્તમાન શિક્ષકોને પુનઃ કામ પર રાખીને આગામી ત્રણ મહિનામાં કોઈ પણ શાળામાં ફક્ત એક જ શિક્ષક ન હોય તે સુનિશ્ચિત કરવું.
- આચાર્ય (હેડ ટિચર)થી વંચિત ૪૧ ટકા શાળાઓમાં આચાર્યની ભરતી અને તાલીમને પ્રાથમિકતા આપવી.
- ગત વર્ષ દરમિયાન સ્કૂલ-ઇન્સ્પેક્ટર જે ૪૮ ટકા શાળાઓની મુલાકાત નહોતા લઈ શક્યા, તે સહિતની શાળાઓ માટે તથા શિક્ષકો માટે ઉત્તરદાયિત્વનું માળખું સુનિશ્ચિત કરવા માટે સહાય અને તપાસ વ્યવસ્થાની પ્રક્રિયાને વધુ અર્થસભર બનાવવી.
- એક્રેડિટેડ સ્ટેટિસ્ટિકલ વૉલન્ટિયર્સ (એએસવી)ને રોકવાના બિહારના મૉડેલને દેશભરમાં લાગુ કરી શકાય. (એક્રેડિટેડ સ્ટેટિસ્ટિકલ વોલન્ટિયર્સ - એએસવી રાજ્યને સ્વયંસેવક સેવા પૂરી પાડે છે. તેથી, મોટાપાયે કરવામાં આવતા તમામ સર્વે (વસતિ ગણતરી અને સૅમ્પલ), શિક્ષણ પર તથા યોજનાના અમલીકરણના સમય પર વિપરિત અસર ન પહોંચે તે રીતે નિશ્ચિત સમય મર્યાદાની અંદર હાથ ધરવાના રહેશે.)

### અભ્યાસક્રમના વિકાસ માટે એનસીએફ માર્ગદર્શક સિદ્ધાન્તો

- શાળા બહારના જીવનને જ્ઞાન સાથે જોડવું.
- ગોખણપટ્ટીની પદ્ધતિ દૂર થાય તે સુનિશ્ચિત કરવું.
- બાળકોના સમગ્રતયા વિકાસ માટે અભ્યાસક્રમને પાઠ્યપુસ્તક કેન્દ્રીત ન રાખતાં સમૃદ્ધ બનાવવો.
- વર્ગખંડોમાં પરીક્ષાઓને વધુ લવચિક અને સુગ્રથિત બનાવવી.

### ૨૫ ટકા અનામતના સંદર્ભમાં આઉટલૂક સામયિકમાં છપાયેલા – અસમાન બાળપણ – લેખમાંથી નોંધવામાં આવેલા મુદ્દા

- સરકાર દ્વારા ટ્યૂશન ફીની કરવામાં આવતી ભરપાઈ (દર મહિને રૂ. ૪૦૦ પ્રતિ બાળક) ખાનગી શાળાઓ દ્વારા વસૂલવામાં આવતી ફી (રૂ. ૨,૦૦૦-૩,૦૦૦) કરતાં ઘણી જ ઓછી છે.
- ગુજરાતમાં ૨૫ ટકા અનામત અનુસાર ખાલી બેઠકો ૯૦ ટકા છે, અને રાજસ્થાનમાં આ પ્રમાણ ફક્ત ૧૬ ટકા છે. ગુજરાતમાં ૨૯ પૈકીના ફક્ત આઠ જિલ્લાઓમાં આરટીઇનો પ્રાયોગિક ધોરણે અમલ કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત ઓળખ નક્કી કરવા માટેનો માપદંડ (૫૩૦૦ બેઠકો સાથે ૨૦૦ શાળાઓ) પણ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવ્યો નહોતો.
- ઉત્તર પ્રદેશમાં સરકારી શાળાઓની તમામ બેઠકો ભરાઈ ગયા બાદ જ ખાનગી શાળાઓમાં પ્રવેશ આપવો, મહારાષ્ટ્રમાં ઓનલાઇન એડમિશન, કર્ણાટકમાં ફક્ત ૨૫ ટકા લઘુમતી વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓને લઘુમતીનો દરજ્જો આપવાનો નવો આદેશ - વગેરે જેવા રાજ્યોના નિયમોના કારણે ઇકોનોમિકલી વીકર સેક્શન (આર્થિક રીતે પછાત વર્ગ - ઇડબલ્યુએસ) માટે શિક્ષણ મેળવવું વધુ મુશ્કેલ બન્યું છે.

**ફરિયાદ નિવારણ**

- ફરિયાદ નિવારણ પર અસરકારક રીતે દેખરેખ રાખવા માટે 'સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઇલ્ડ રાઇટ્સ' (એસસીપીસીઆર) અથવા તો 'રૂલ્સ ફોર ઍજ્યુકેટર પ્રિપેરેશન એન્ડ એકાઉન્ટિબિલિટી' (આરઇપીએ)નો અભાવ ધરાવતાં સાત રાજ્યોમાં તાકીદના ધોરણે તેની શરૂઆત કરવામાં આવે અને આરઇપીએને પૂર્ણપણે એસસીપીસીઆરમાં રૂપાંતરિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
- એસસીપીસીઆર અને 'નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઇલ્ડ રાઇટ્સ' (એનસીપીસીઆર)ને પૂરતું ભંડોળ મળે, તે સશક્ત થાય તથા અપેક્ષિત જવાબદારી લેવા માટે વ્યવસાયિકોની નિયુક્તિ કરવામાં આવે તે જરૂરી છે.
- એસએમસી અને પંચાયતથી માંડીને એનસીપીસીઆરમાં રહેલી ખામીઓની પૂર્તિ કરે તેવી રાષ્ટ્રીય તથા સમાવેશક ફરિયાદ-નિવારણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવી.

એસસીપીસીઆર અથવા તો આરઇપીએ, સ્થાનિક સત્તા-તંત્ર બાદ ફરિયાદ નિવારણ માટે આરટીઇ ઍક્ટ હેઠળનું પ્રથમ એપેલેટ એકમ ગણાય છે.

- ગુજરાતમાં ફરિયાદો ઓનલાઇન નોંધવામાં આવે છે તથા ટોલ ફ્રી હેલ્પ લાઇન પૂરી પાડવામાં આવે છે.
- આ વ્યવસ્થા ધરાવતાં ઘણાં રાજ્યોમાં આ વ્યવસ્થા યોગ્ય રીતે કાર્યરત નથી. તેના કારણે ફરિયાદોની સંખ્યા ઘણી જ ઘટી રહી છે. જેમ કે, રાજસ્થાનમાં ૨૦૧૦-૧૧માં ફરિયાદોની સંખ્યા ૭૭૧ હતી, જે ઘટીને ૨૦૧૨-૧૩માં ફક્ત બે થઈ ગઈ હતી.

**ખાનગી શાળાઓ માટે નિયમ અનુસાર માળખું**

- ખાનગી શાળાઓમાં ૨૫ ટકાના ક્વોટાના અમલીકરણનો કંગાળ રૅકોર્ડ જોતાં, આ ક્વોટાના અમલીકરણની ફરજ પાડવી.
- ખાનગી શાળાઓ આરટીઇનાં ધોરણો, માપદંડો તથા અન્ય જોગવાઈઓને અનુસરે તે સુનિશ્ચિત કરવા માટે તથા કેન્દ્રીય નિયમ દ્વારા ફી પર નિયંત્રણ જેવા અન્ય પ્રશ્નો માટે સુયોગ્ય નિયમન-માળખું અમલી બનાવવું.
- પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ (પીપીપી)ના નામે સરકારી શાળાઓ ખાનગી ક્ષેત્રને સોંપી દેવાનું ચલણ બંધ કરવું, અને તેના સ્થાને ખામીઓ દૂર થાય તે સુનિ ચિત કરવા માટે જોગવાઈઓમાં સુધારો કરવો અને તે માટે જરૂરી પગલાં ભરવાં.

**સામુદાયિક સહભાગિતા**

- શૈક્ષણિક સુવિધાઓની યોગ્ય કામગીરી માટે લોકો દ્વારા જ માગ ઊભી થવી જોઈએ અને શૈક્ષણિક હક્કો સુનિશ્ચિત કરવા લોકોનું દબાણ ઊભું કરવા માટે બાળકોને એકત્રિત તથા સંગઠિત કરવાં જોઈએ.
- લોકોમાં તથા બાળકોમાં શૈક્ષણિક હક્કો અંગે જાગૃતિ લાવવા માટે રાજ્યએ મોટાપાયે સમુદાય જાગૃતિ કાર્યક્રમો અને મિડિયા કૅમ્પેઇન (સમૂહ-માધ્યમોમાં અભિયાનો) હાથ ધરવાં જોઈએ.
- એસએમસીની રચના ચૂંટણી દ્વારા થવી જોઈએ અને મહિલાઓ તેમ જ સામાજિક રીતે બહિષ્કૃત જૂથોને કાયદેસર નિર્દિષ્ટ પ્રતિનિધિત્વ આપવું જોઈએ. જાતિગત સમાનતા અને પ્રમાણસર પ્રતિનિધિત્વ સાથે એસએમસીના લોકશાહી બંધારણની જવાબદારી આચાર્ય (હેડ ટીચર)ને સોંપવી જોઈએ, જેની દેખરેખ રાખવી જોઈએ.
- એસએમસીની તાલીમ સમયે શિક્ષણની વિકેન્દ્રીકૃત વ્યવસ્થાના કર્મચારી તરીકે તેમનું સશક્તિકરણ કરવા પર ભાર મૂકવો જોઈએ. એસએમસી તાલીમ માટે, કેટલાંક રાજ્યોમાં પંચાયતી રાજ સંસ્થાના કર્મચારીઓને તાલીમ આપવાના થયેલા સફળ પ્રયત્નોને અનુસરવા જોઈએ.
- આરટીઇ ઍક્ટ અને ૭૩મા અને ૭૪મા સુધારાના સંદર્ભમાં શિક્ષણ ક્ષેત્રે ભૂમિકા ભજવતાં સ્થાનિક સત્તા-તંત્ર (ખાસ કરીને પંચાયતો અને શહેરી સ્થાનિક નિગમો કે એકમો)ના ક્ષમતા-વર્ધનની પ્રક્રિયા શરૂ કરવી.

**ગુણવત્તામાં સુધારો**

- કન્ટિન્યુઅસ એન્ડ કૉમ્પ્રિહેન્સિવ ઇવેલ્યુએશન (સીસીઇ)ના બિન-અમલીકરણનાં પરિણામો તથા બિન-અટકાયત નીતિના અમલીકરણના બિન-કાર્યક્ષમ ઉપાયોનો ઉકેલ લાવવો.
- પ્રારંભિક ધોરણોમાં ઊર્દુ બોલનારાં, સ્થળાંતરિત અને આદિવાસી સમુદાયમાંથી આવતાં બાળકો માટે માતૃભાષામાં સૂચનાઓ રાખવા માટેની દરમિયાનગીરીઓ વિકસાવવી.
- શાળાના અભ્યાસક્રમમાં દલિત, મુસ્લિમ તથા આદિવાસી સમુદાયોનાં ધર્મ, સંસ્કૃતિ, આગેવાની તથા પ્રદાનના સમૃદ્ધ વૈવિધ્યને સમાવિષ્ટ કરવું તથા સંવેદનશીલતાનું વાતાવરણ ઊભું કરવું તથા તમામ શિક્ષકો અને બાળકોને તે સમુદાયો માટે આદર થાય તેવા પ્રયત્નો કરવા.
- શિક્ષણમાં ટ્રાઇબલ સબ-પ્લાન (ટીએસપી) અને શિડ્યૂલ્ડ કાસ્ટ પ્લાન (સીએસપી) હેઠળ બજેટની ફાળવણીનો સીધો લાભ આદિવાસી અને દલિત બાળકોની શિક્ષણની પ્રાપ્યતા અને સિદ્ધિઓમાં થવો જોઈએ.
- શિક્ષણ-વ્યવસ્થામાં તમામ પ્રકારનાં બાળકોની સમાવેશકતા સુનિશ્ચિત કરવા માટે તથા તે માટેની જોગવાઈઓ અમલી બનાવવા માટે જાતિગત તફાવત અને વિકલાંગતા જેવા પ્ર  નો પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે.
- સરકાર દ્વારા ચાલતી તમામ શાળાઓને પ્રત્યેક બાળક દીઠ એકસમાન અને ન્યાયપૂર્ણ બજેટ આપવું.
- અભ્યાસક્રમ અને પાઠ્ય-પુસ્તકો, વિદ્યાર્થીઓના શીખવાના સ્તર અનુસાર સમપ્રમાણ છે તે સુનિશ્ચિત કરવા માટે આ અભ્યાસક્રમ અને પાઠ્ય-પુસ્તકોની સમીક્ષા હાથ ધરવી અને જરૂરી ફેરફારો કરવા.

**સામાજિક સમાવેશકતા**

- પ્રારંભિક શિક્ષણ ક્ષેત્રના ઘણા કર્મીઓ, દલિતો, મુસ્લિમો, આદિવાસીઓ તથા વિકલાંગતા ધરાવતા બાળકો સામાજિક બહિષ્કારની વાસ્તવિકતા સ્વીકારતા નથી. આ સંદર્ભમાં શિક્ષકોને

**જુઓ પૃષ્ઠ ૨૪**


# સંદર્ભ સાહિત્ય

## શિક્ષણ, આરોગ્ય અને સામાજિક સુરક્ષા અંગેની સરકારની જાહેર યોજનાઓ વિશે સંક્ષિપ્ત માહિતી પુસ્તિકા

આ માહિતી પુસ્તિકા સરળ ગુજરાતી ભાષામાં 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન' દ્વારા તૈયાર કરવામાં આવી છે.

મોટે ભાગે જાહેર કાર્યક્રમો અને યોજનાઓ ગરીબ, વંચિત સમુદાયો અને વિકલાંગ વ્યક્તિઓ સુધી પહોંચી શક્યા નથી. તેની પાછળ ઘણાં કારણો છે. આ બધાં કારણોમાંથી એક મહત્ત્વનું કારણ એ પણ છે કે સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી યોજનાઓની સંપૂર્ણ માહિતી લોકો સુધી પહોંચતી નથી, પરિણામે લોકો આ યોજનાઓના લાભથી વંચિત રહી જાય છે.

આ માહિતી પુસ્તિકામાં મુખ્ય ત્રણ ભાગમાં શિક્ષણ અંગે, આરોગ્ય અંગે અને સામાજિક સુરક્ષા અંગેની સરકારની જાહેર યોજનાઓ વિશેની ૪૮ જાહેર યોજનાઓની સંક્ષિપ્તમાં માહિતી આપવામાં આવી છે. જેમ કે, લાભ કોને મળે, કેટલો લાભ મળે, લાભ ક્યાંથી મળે અને લાભો મેળવવા માટે કયા કયા પુરાવાઓ જોઈએ. આ બાબતને ધ્યાનમાં રાખીને આ માહિતી પુસ્તિકાને તૈયાર કરવામાં આવી છે.




આ યોજનાઓની માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચે તો લોકોમાં યોજનાઓ વિશેની જાણકારી આવશે અને તે યોજનાઓને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરશે, સાથે સાથે આ યોજનાઓ લોકો સુધી પહોંચે તે માટે નાગરિકો અને પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓની ભૂમિકા શું છે તે વિશે પણ માહિતી આપવામાં આવી છે.

## સૂચના પૈકઃ સામાજિક સુરક્ષા, સ્વાસ્થ્ય એવમ્ પ્રાથમિક શિક્ષા કી યોજનાએ

'ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન' દ્વારા હિન્દી ભાષામાં આ પુસ્તિકા બનાવવામાં આવી છે. આ સૂચના પૈકમાં સામાજિક સુરક્ષા, જાહેર આરોગ્ય, પોષણ અને પ્રાથમિક શિક્ષણ સંબંધિત કેન્દ્ર અને રાજસ્થાન સરકારની ૩૫ મહત્વપૂર્ણ યોજનાઓનું સંકલન કરવામાં આવ્યું છે.

આ સૂચના પૈકને ચાર ભાગમાં વહેંચવામાં આવી છેઃ (૧) સામાજિક સુરક્ષાની યોજનાઓ (૨) જાહેર આરોગ્યની યોજનાઓ (૩) પ્રાથમિક શિક્ષણ સંબંધિત યોજનાઓ અને (૪) સમસ્યાના સમાધાનની વ્યવસ્થાઓ. દરેક ભાગની શરૂઆતમાં તેના મહત્ત્વ અને અમલીકરણ માટે પંચાયતી રાજ સંસ્થાઓની ભૂમિકા પર સંક્ષિપ્તમાં ચર્ચા કરવામાં આવી છે. આ સૂચના પૈકનો ઉદ્દેશ સરળ ભાષામાં આ મહત્ત્વપૂર્ણ યોજનાઓની સંકલિત માહિતી લોકો સુધી પહોંચાડવાનો છે. આ પુસ્તિકામાં યોજનાનો ઉદ્દેશ, કોના માટે શું લાભ નિર્ધારિત છે, લાભ લેવા માટે અરજી કેવી રીતે, કયા કયા પુરાવાઓ સાથે, કયા વિભાગમાં કરવાની છે તેની જાણકારી આપવામાં આવી છે. અરજી કર્યા પછી અરજીની સ્વીકૃતિ અને અસ્વીકૃતિનાં કારણોની સ્પષ્ટ સૂચના મળી જાય, એ વાતની જાણકારી પણ આપવાની કોશિશ કરવામાં આવી છે. અરજીના નમૂનાઓ અહીં જોડવામાં નથી આવ્યા. યોજનાઓની માહિતી સાથે તેને સંબંધિત નિયમ, સરકારી માર્ગદર્શિકા તથા આદેશ સંખ્યા વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેને વધુ જાણકારી માટે ઉપયોગ કરી શકાય.




પ્રાપ્તિ સ્થાનઃ www.unnati.org વેબસાઈટ ઉપર પબ્લિકેશન વિભાગમાંથી નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાય છે.

**પૃષ્ઠ ૨૨નું શેષ**

તેમના 'શિક્ષક શૈક્ષણિક અભ્યાસક્રમ' અને કામગીરી દરમિયાન (ઇન-સર્વિસ) તાલીમ કાર્યક્રમોના ભાગરૂપે સામાજિક અને ઐતિહાસિક તાલીમ આપવામાં આવશે તથા વિદ્યાર્થીઓ માટે આ સંદર્ભે સંવેદનશીલતા કેળવવાનાં સત્રો યોજવામાં આવશે.

- છોકરી અને છોકરા સાથે જાતિગત સમાનતાને ધ્યાનમાં રાખીને વ્યવહાર કરવો તે બાબતને પરિવારોમાં, સમાજમાં તથા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સુદ્રઢ કરવામાં આવે તે જરૂરી છે.
- સીડબલ્યુએસએન પરના આરટીઇ ઍક્ટની તમામ જોગવાઈઓ પર દેખરેખ રાખવા માટે, સીડબલ્યુએસએનમાં કામ કરી રહેલા તમામ નાગરિક-સમાજ સભ્યોની સહભાગિતા સાથે તમામ રાજ્યોમાં સીડબલ્યુએસએન સેલની રચના કરવી જોઈએ.

### આરટીઇ અમલીકરણને વેગ આપવા માટેનાં ચાવીરૂપ પરિબળો

- ડિસ્ટ્રિક્ટ ઇન્ફર્મેશન સિસ્ટમ ફોર ઍજ્યુકેશન (ડીઆઇએસઇ)નો ઉપયોગ કરવો, જે મૂળભૂત આરટીઇ ધોરણોનું અનુસરણ સુનિશ્ચિત કરવા માટે તાકીદના કામચલાઉ ધોરણે શાળા સંબંધિત વિગતો ધરાવે છે.
- અમલીકરણની ઓનલાઇન પ્રાપ્ય સ્થિતિના આધારે પારદર્શી વ્યવસ્થા અમલી કરવી અને તે માટે મધ્ય પ્રદેશ ઍજ્યુકેશન વેબ પોર્ટલ જેવા પ્રવર્તમાન મૉડેલનો ઉપયોગ કરવો, જેમાં તમામ માહિતી જાહેર કક્ષાએ ઉપલબ્ધ હોય છે અને સ્થાનિક રહેવાસીઓ પણ તેમની વિગતો આપી શકે છે. અમલીકરણના પડકારોની જાણકારી વ્યાપક હશે, તો નાગરિક-સમાજ સંગઠનો, સહાય વિસ્તારવા માટે વધુ અસરકારક રીતે સક્ષમ બની શકશે.

### સંદર્ભ સૂચિ:

1. "Status of Implementation of the Right of Children to Free and Compulsory Education Act, 2009 on the third year of its Implementation (2012-13)". RTE Forum.
2. Pavitra S. Rangam, An Unequal Childhood, Outlook September 8, 2014, http://www.outlookindia.com/article/AnUnequalChildhood/291801.
3. Sijan Thapa (2012), "How functional are School Management Committees in the present context?" Researching Reality Internship.
4. "Accredited Statistical Volunteer".Directorate of Economics and Statistics, Department of planning and Development, Government of Bihar.
5. "The National Curriculum Framework (NCF 2005). National Council of Educational Research and Training.

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬

ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: **www.unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન.

ફોન: ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: jodhpur_unnati@unnati.org

**વધુ વિગત માટે સંપર્ક: દીપા સોનપાલ**, ઈ-મેલ: sie@unnati.org, publication@unnati.org

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'

મુદ્રણ: બંસીધર ઑફસેટ, અમદાવાદ. ફોન: ૯૮૨૫૩૫૩૯૬૭

**ફક્ત અંગત વિતરણ માટે**

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે 'વિચાર'માં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.